૬૨૮૦

દ્રષ્ટાંત માળા

૧૧૧/૧૮ ૨૭

ભાગ ૧ લો.

સંગ્રહ કરી છપાવી પ્રસિદ્ધ કરનાર
રાજગોર કેશવજી જેરામ મંડોર.
ચોટીલા—કાઠીયાવાડ.

અમદાવાદ.
મહાગોપાળની હવેલીમાં સર્વોદય પ્રિન્ટીંગ પ્રેસમાં
રસિકલાલ છોટાલાલ મહેતાએ
છાપ્યાં.

સંવત ૧૯૫૨. સને ૧૮૯૬.

(પ્રસિદ્ધ કર્તાએ સર્વ હક્ક સ્વાધિન રાખ્યા છે.)

કીંમત, રૂ. ૦-૪-૦.

અર્પણ પત્રિકા.

સદા મહેરબાન છોટાલાલ ગીરધરલાલ

ચોટીલા થાણદાર સાહેબ.

પરોપકાર અને દયાવૃત્તિ રાખી અનાથ અને આંધળાં લુલાંને
આશ્રય આપવામાં, દેશી હુન્નર અને કળાકૌશલ્યના ખી-
લવવા અને ઉછરતા ગ્રંથકારને ઉત્તેજન આપવાની આપની
પૂરી સાબુતા છે તેથી તથા ન્યાય અને નીતિની
પ્રતિમા રૂપે આપે આ ઇલાકામાં અક્ષય
કીર્ત્તિ મેળવેલી છે જેથી સાનંદાશ્ચર્યથી
આ લઘુ પુસ્તક આપ મહેરબાનને
અર્પણ કરવાની આજ્ઞા
માગું છું.

આજ્ઞાંકિત
કેશવજી જેરામ મંડીર
ગ્રંથકર્ત્તા.

પ્રસ્તાવના.

કોઇ વાતની માણુસના મનમાં અસર કરવી હોય ત્યારે કલ્પિત દ્રષ્ટાંત બતાવીને વાત કરીએ તો સાંભળનારને તે વાતની વધારે અસર થાય છે.

દરેક કિસ્સા ઉપર બનેલાં દ્રષ્ટાંત મળી આવવાં મુશ્કેલ છે. તે ઉપરથી કવિ, વિદ્વાન અને સમજુ માણુસોએ બીજાને બોધ આપવા કલ્પિત દ્રષ્ટાંત ઊભાં કરેલાં છે અને આ રીત બધા દેશમાં અસલથી ચાલતી આવી છે. ઇસપનીતિ, પંચોપાખ્યાન, અરેબીયન નાઇટ્સ વિગેરે એવીજ જાતનાં પુસ્તકો છે.

આ પુસ્તકમાં જે દ્રષ્ટાંત આપેલાં છે તે કોઇ ગ્રંથનો ઉતારો કે નકલ નથી પણ જે લોકોમાં બોલાય છે તેનો સંગ્રહ કરી છપાવેલાં છે.

વધઘટ કે ઘરનું ઉમેરવાથી વાતનો મુળ મુદ્દો અથવા રસ કમી થાય એ કારણથી જે દ્રષ્ટાંત જે રૂપે લોકોમાં બોલાય છે તેજ ઢબથી ઘણું કરી દાખલ કરેલાં છે.

દરેક વાત ઉપરથી શું સમજવાનું છે તથા તેનો તાત્પર્ય શું છે તે સુજ્ઞ વાંચનાર સહેજ સમજી શકે તેવું છે તોપણ કોઇ કોઇ દ્રષ્ટાંત ઉપર ઇસારા તરીકે સારાંશ આપવા કોશીશ કરેલી છે.

આવી વાતો વાંચવાથી તથા સાંભળવાથી ગમ્મતની સાથે જ્ઞાન મળે છે, સુનીતિની વૃદ્ધિ થાય છે, વ્યવહારાદિકમાં માણુસ

કુશળ થાય છે અને આડે રસ્તે જનારને ચાનક આપી સારે રસ્તે ચડાવે છે.

લાંબી લાંબી વાતો વાંચવાથી કંટાળો ઉપજે છે અને યાદ રહેતું નથી. પણ તેના કરતાં આવી ટુંકી પણ રમુજી વાતોથી રસ ઉત્પન્ન થાય છે, કંટાળો આવતો નથી ને થોડી વારમાં ઘણું જ્ઞાન મળે છે જેથી આવાં ઉપયોગી દ્રષ્ટાંતોનો નાશ થતો અટકાવવા બનતો પ્રયત્ન કરી બહાર પાડેલાં છે.

આ પુસ્તકનો બીજો ભાગ તૈયાર છે જે ઇશ્વર કૃપાથી આશ્રય મળે બહાર પાડવામાં આવશે તેમજ આ ગ્રંથને મથાળે મુકેલા જુના દુહાના સંગ્રહની ચોપડી પણ તૈયાર છે. કદરદાન ગ્રાહકો કે સદ્‌ગૃહસ્થોથી ઉત્તેજન મળેથી તુરત છપાવવાની શરૂઆત કરવામાં આવશે.

માળામાં ૧૦૮ મણકા હોય તો તે માળા પૂરી ગણાય છે. તેજ મુજબ આ પુસ્તકમાં ૧૦૮ વાર્ત્તાંનો સંગ્રહ કરી તેનું "દ્રષ્ટાંતમાળા" એવું નામ રાખવામાં આવ્યું છે.

આ પુસ્તક બહાર પાડવામાં મને રા. રસીકભાઇ છોટાલાલ ભાઇની પૂરી સહાયતા મળેલી છે જેથી તેમનો મોટો અહેશાન માનું છું. એ વિના જે જે મહેરબાનોએ અગાઉથી ગ્રાહક થઇ ઉત્તેજન આપેલું છે તેમનો ઉપકાર માનવામાં આવે છે.

ચોટીલા,
તા. ૨૬-૧૦-૯૫.

રાજગોર કેશવજી જેરામ મંદીર.
ચોટીલા—કાઠિયાવાડ.

અનુક્રમણિકા.

દ્રષ્ટાંત.		પૃષ્ઠ.
૧	સસલો અને હાથીની કથા.... ...	...૧૧
૨	ગપ સામું ગપ...	...૧૧
૩	સુઘરી ને વાંદરાની કથા...	...૧૨
૪	શિઆળ ને ઊંટની કથા...	...૧૨
૫	એક કાગડી અને તેનાં બચ્ચાં... ...	...૧૩
૬	ભૂંડણુ સુખ......	...૧૩
૭	સાંઢીયાના હોઠની લાલચ રાખનાર શિયાળીઓ	...૧૪
૮	હજામે વાણીઆને ટકોર મારી... ...	...૧૪
૯	બે ઠગ ને એક સુખડીઓ	...૧૫
૧૦	થાળી બજાવી ઊંટને બીવરાવનાર ડોશી...	...૧૫
૧૧	કૃતઘ્ની કરેલા ગુણને જાણતો નથી ...	...૧૫
૧૨	કાઠીએ ઢેડ કનેથી રોટલો લીધો... ...	...૧૬
૧૩	મહીબારી મારી	...૧૬
૧૪	મનની અસર તન ઉપર થાય છે... ...	...૧૬
૧૫	એક મોચણનું પતિવ્રત...	...૧૭
૧૬	બળદ અને મચ્છર.....	...૧૭
૧૭	એક ભાડુત અને ડોશી...	...૧૮
૧૮	દુખ નિવરત થાય તે ઉપાય કામે લગાડવાથી સુખ પ્રાપ્ત થાય છે...	...૧૮
૧૯	કમ યાદદાસ્ત યાને વિસ્મૃતિ...... ...	...૧૯
૨૦	ઉપયોગી વસ્તુનો તિરસ્કાર કરવો નહીં......	...૧૯
૨૧	નીચબુદ્ધિનાં માણસની અંતવખત પણ કુબુદ્ધિ છુટતી નથી	૧૯
૨૨	નીચમાં નીચ કોણ?......	...૨૦
૨૩	ઘર ધણી તથા મેમાનની રીતભાત ...	...૨૦

૬૨૫૦

દ્રષ્ટાંત માળા.

૧. સસલો અને હાથીની કથા.

જંગલમાં એક બોડમાં સસલો તથા સસલી રહેતાં હતાં. એક દીવસ ત્યાં થઇને એક હાથી નીકળ્યો તેનો સસલાની બોડ ઉપર પગ આવતાં તે બોડ ભાગી ગઈ. આ જોઇ સસલો સસલીને કહેવા લાગ્યો કે હાથીએ વગર ગુન્હે મારા ઘરનો નાશ કર્યો માટે તેનું વેર લઉં તોજ હું ખરો. સસલી કહે મોટા સાથે વિરોધ કરવાનું પરિણામ સારૂં નહીં, માટે એ વાત જવાદો, જે બનવાનું હતું તે બન્યું. પણ મમતને લીધે સસલે માન્યું નહીં અને પોતાની કોટમાં એક દોરડું ઘાલી તેનો બીજો છેડો સામા ઝાડે બાંધી હાથીને પાડવાનો ઇરાદો કરી બેઠો. હાથી વળતો આવ્યો ને દોરડું તેને પગે ભરાવાથી તુટી ગયું ને ઉલટો સસલો વાંસે ઘસડાવા લાગ્યો. તે જોઇ સસલી બોલી કે "**રઢીયાળા હવે રઢ મેલો**" સસલે ઉત્તર દીધો કે "**રઢીયાળો તો રઢ મૂકે છે પણ સુંઢાળો છોડતો નથી.**"

---

૨. ગપ સામું ગપ.

સાસુ તથા વહુ રેંટીઓ કાંતતાં હતાં ત્યાં સાસુએ ગપ માર્યું કે જુઓ જુઓ વહુ વાદળમાં કીડી ચાલી જાય છે. સાસુનું કહેલું જુઠું છે એમ બતાવી આપવા વહુએ મર્મ કીધો કે હા બાઇજી, તમે ખરૂં કહો છો; તે કીડીએ પગમાં ઝાંઝર પેહેરેલાં દેખાય છે

આ સાંભળી સાસુ ચુપ થઇ ગઈ અને કશું બોલી શકી નહીં.

---

૩. સુઘરી અને વાંદરાની કથા.

એક સુઘરી ચોમાસાના વખતમાં ઝાડ ઉપર માળો કરી તેની અંદર બેઠી હતી. ત્યાં ઝાડ નીચે ટાઢે ધ્રુજતા એક વાંદરાને જોઇ તેને કહેવા લાગી કે, અરે ભાઇ, અમારે હાથ નથી તોપણ અમે ચાંચ અને પગેવતી માળો ગુંથી સુખેથી તેમાં રહીએ છીએ, તો તું તો હાથ પગવાળો છતાં આમ શીદ દુખી થાય છે? ઘર કરી રહેતો હોઉતો તને આરામ મળે. સુઘરીની આવી વાજબી સલાહ સાંભળી વાંદરાને ઉલટી રીસ ચડી ને તેણે તેનો માળો તોડી પાડયો કહ્યું છે કેઃ—

દોહો.

શીખ તો વાકુ દીજીએ, જ્યાકુ શીખ સોહાય;
બંદરકુ શીખ દેય તહાં, સુઘરીકો ઘર જાય?

---

૪. શિયાળ અને ઊંટની કથા.

એક ઊંટ અને શિયાળને દોસ્તી થઇ. એક દીવસ રાત્રે તે બંને વાડમાં ચરવા પેઠાં. શિયાળ ધરાણો એટલે ગુલતાનમાં આવી બુમો પાડવા મંડયો. ઊંટ કહે ભાઇ જરા ચુપ રહે, હું હજી ભૂખ્યો છું, મારે હજી ચરવું છે, ખેતરનો ધણી આવી પુગશે તો આપણને માર પડસે. ત્યારે શિયાળે જવાબ દીધો કે મને બુમો પાડવાની ટેવ પડી છે તે મારાથી કેમ રહેવાય? એટલામાં વાડ વાળો આવ્યો. તે જોઇ શિઆળ નાશી ગયો અને ઊંટને તેણે મારવા માંડયો માંડ તે ભાગી છુટયો. શિયાળ ભેળો થતાં ઊંટે સર્વ હકીકત કહી

ટપકો દીધો. આગળ જતાં એક મોટી નદી આવી તે ઉતરી પેલે પાર જવા માટે શિયાળે ઊંટ સાથે મળી મસલત કરી કે હું તારા વાંસા ઉપર ચડી બેસું એટલે તું મને ઊચકી પેલે પાર લઇજા. ઊંટે તે વાત કબુલ કરી. નદીનો મધ્ય ભાગ આવ્યો એટલે ઊંટ ભાઇએ તોફાન કરવા માંડયું, આમથી આમ ગોથાં ખાય ને આમથી આમ ગોથાં ખાય. તે જોઈ શીયાળ બોલ્યો કે, અરે ભાઇ! આમ શું કરે છે. હું નદીમાં ડુબી મરીશ. ત્યારે ઊંટે જવાબ દીધો કે મને ગુલાંટ ખાવાની ટેવ પડી છે તે મારાથી કેમ રહેવાય? એમ કહી જરા આડે પડખે થતાં પેલો લુચ્ચો શિયાળ નદીમાં પડી ડુબી મુવો.

---

૫. એક કાગડી અને તેનાં બચ્ચાં.

એક કાગડીએ પોતાનાં બચ્ચાં મોટાં થયાં અને પોતાની મેળે ઉડી પોષણ કરી શકે તેવાં થયાં ત્યારે તેમને શિખામણ દીધી કે તમે કોઇ માણસનો વિશ્વાસ કરશો માં; કેમકે માણસ આપણને દેખે ત્યાંથી ઉડાડે છે. માટે તે જરા વાંકાં વળી પથ્થર લેવા જાય કે તુરત તમારે ઉડી જવું. ત્યારે બચ્ચાં બોલ્યાં કે પથ્થર તેમની ભેટમાં હોય તો શી ખબર પડે? માટે માણસને દેખીનેજ ઉડી જવું એજ વધારે સલામતી ભરેલું અમને લાગે છે. તે સાંભળી કાગડી કહેવા લાગી કે જ્યારે આટલે દરજ્જે તમે જાણો છો ત્યારે મારે હવે તમને શિખામણ દેવાપણું રહેતું નથી.

---

૬. ભુંડણસુખ.

એક રાજાએ મરતી વખત પોતાના કુંવરને કહ્યું કે હે પુત્ર મારો અમુક ઠેકાણે ભુંડને ત્યાં અવતાર થનાર છે એમ ભવિષ્ય

વાદીઓથી મારા જાણવામાં આવ્યું છે. માટે મારા મરી ગયા પછી તજવીજ કરી તે ઠેકાણે જઇ તું મને મારી નાખજે એટલે તેવા ખરાબ અવતારમાંથી મારો છુટકો થાય. કુંવર બાપનું વચન માની કહેલ ઠેકાણે ગયો; ત્યાં ભુંડભુંડણી અનેક કચ્ચાંબચ્ચાં સાથે એક ઝાડના થડમાં ખાડો કરી પડ્યાં હતાં. તે જોઇ કુંવરે તેને મારવાનો ઇરાદો કર્યો એટલે ભુંડને વાચા ઉપજી અને બોલ્યો કે, કુંવર, તું હવે મને મારીશ માં, મારે; સ્ત્રી, પુત્ર, પરિવાર આદિ સર્વ વાતે અહીં સુખ છે.

---

૭. સાંઢિયાના હોઠની લાલચ રાખનાર શિયાળિયો.

એક શિયાળને વગડામાં ઊંટનો મેળાપ થયો. શિયાળે ઊંટનો રાતોચોળ હોઠ ટિંગાતો જોઇ વિચાર કીધો કે આ માંસનો લોચો હમણાં તેના મોંઢામાંથી પડશે એટલે હું ખાઇ જઇશ એવી આશાથી ઘણા દિવસ લગી તેની સાથે ફર્યા કીધું, પણ ઊંટનો હોઠ પડ્યો નહીં, જેથી આખર નિરાશ થઇ તેનો સંગ છોડી ચાલ્યું ગયું.

---

૮. હજામે વાણિઆને ટકોર મારી.

એક હજામે વાણીઆની હજામત કરી રહ્યા પછી તેના માથામાં ટકોર મારી. તે જોઇ વાણીએ ગજવામાંથી એક રૂપીઓ કાઢી તેના હાથમાં મૂક્યો. આ જોઈ હજામે જાણ્યું કે હજામત કરી ટકોર મારવામાં ફાયદો દેખાય છે. પછી એક મુસલમાન અમીરની હજામત કરી તેના માથામાં પણ હાથે વતી ટકોર મારી તે જોઇ તરવાર પાસેજ પડી હતી તે મ્યાનમાંથી કાઢી મીયાંભાઇએ પેલા ઘાંયજાનું મુસ્તક એક ઝટકે ઉડાવી દીધું. નબળાને નિ-

માણસ આગળ ધાવી જવાથી જળચરાની છેડ કરવા જતાં કેવું પરિણામ નીપજે છે તે વાંચનારના ખ્યાલમાં આવ્યા વગર રહેશે નહીં.

૯. બે ઠગ અને એક મુખડીઓ.

દિલ્હીમાં બે ઠગ એક મુખડીયાની દુકાને મિઠાઇ લેવા ગયા. મિઠાઇ તોળી દીધા પછી કંદોઇએ તેની કીંમત માગી. ત્યારે એક ઠગ બોલ્યો કે કીંમત પેહેલી લઇને લુચ્ચાઇ કરે છે કે શું? બે વાર કીંમત લેવી છે? એમ રકઝક થવા માંડયું એટલામાં બીજો ઠગ કંદોઇને કહેવા લાગ્યો કે ભાઇ તમારી બેની તકરારમાં મારા પૈસા ભુલી જતો નહીં. આમ થવાથી કંદોઇને "મુગી મારી મનમાં જાણે" એ કહેવત મુજબ થયું, ને પેલા બંને ઠગ મિઠાઈ લઈ ચાલતા થયા.

૧૦. થાળી બજાવી ઊંટને બીવરાવનાર ડોશી

કોઇ એક શેરીમાં થઇને એક ઊંટ જતો હતો તેને જોઇ એક ડોશી થાળી વગાડી તેને બીવરાવવા લાગી. ત્યારે ઊંટ બોલ્યો કે મારે માથે મોટી મોટી નોબતો ગડગડે છે તોપણ હું ડરતો નથી, તે હું તારી થાળીનો શબ્દ સાંભળી ડરવાનો નથી. જે મોટી આફતોમાંથી પાર ઉતરેલ છે તે સહેજ સંકટ આવેથી ડરી જતા નથી.

૧૧. કૃતઘ્ની કરેલા ગુણને જાણતો નથી.

એક પારધીએ સાવજને પકડવા જાળ નાખી હતી, તે જોઇ એક બકરો વહાલો થવા તેને ચેતાવવા ગયો. એટલે ઉલટો સાવજે તેને મારી ખાધો.

૧૨. કાઠીએ ઢેડ કનેથી રોટલો લીધો.

એક કાઠી બહારવટે ફરતો હતો. તેવામાં એક વખત શહેરની પાણીઆરી લુટીને નાઠો. વાંસે વહાર ચડી, એકાદ બે દીવસનું તગડાણુ થયું, કને ખાવાનું નહીં ને ભૂખ લાગી. એવામાં એક ઢેડ ખેતરમાં ભાત લઇને સામો મળ્યો. તેને જોઇ કહેવા લાગ્યો કે અલ્યા રોટલો લાવ્ય. પેલો કહે હું તો ઢેડ છું. કાઠી કહે રોટલા સારૂ ઢેડ થાય છે? એમ કહી રોટલો લઇ લીધો અને ક્ષુધા શાન્ત કરી. આપત કાળમાં વર્ણાશ્રમ ઉપર સુરત રાખનાર થોડાજ હોય છે.

---

૧૩. મહીયારી મારી

મહિયારી ગામ મોગલ પાદશાહના વખતમાં જુનાગઢના સુબાના હવાલામાં હતું, તેને હરામખોરોએ લુટી લીધું કે "સાહેબ હરામખોરોએ મહિયારી મારી" તે સાંભળી સુબાસાહેબ કહેવા લાગ્યા કે, "કયું અસુરી ચલી?" બાતમીદાર કહે મહિયારી (દુધ, દહીં વેચનાર ભરવાડણ) નહીં, આપણું ગામ મહિયારી છે તે હરામખોરોએ લુટયું છે, ને તે બાબતમાં આપ હજુર અમો ખબર દેવા આવ્યા છીએ. આ સાંભળી સુબા સાહેબે એકદમ પાંચસે સ્વારને તે તરફ ચડી જવા હુકમ કીધો. માણસને અંગતના કામમાં જેટલું દાઝે છે તેટલું બીજા વિષે દાઝતું નથી.

---

૧૪. મનની અસર તન ઉપર થાયછે

બેસતે વરસે ચાર ચોર શુકન જોવા નીકળ્યા, અને એક કણબીના બળદ ચોરવાના હેતુથી વંડીના થડમાં બે જણ ઓરખુ થઇ બેઠા અને બે ઉભા રહ્યા. એવામાં ઘરધણી પોતાના છોકરાને

કહેવા લાગ્યો કે આ સાલમાં આપણા ચાર બળદમાં બે બેઠા છે તે જરા ઠીક છે પણ ઉભા છે તે આવતું વરસ કાઢે એવી આશા નથી. આ શબ્દ ઉભેલા ચોરોને કાને જતાં તેમણે પોતાને અપ-શુકન થયાનું માની સહુ ચાલી નીકળ્યા અને કેટલીક મુદતનું લગી ઉભેલા બંને ચોરોએ વહેમથી બીમારી ભોગવી દેહ છોડી દીધી. વહેમી અને પોચા દીલવાળાને બીકની અસર જલદી થાય, છે એવું ઉપરના દ્રષ્ટાંતથી સાબીત થાય છે.

—

૧૫. એક મોચણનું પતિવ્રત.

એક મોચણ પોતાનો ધણી ગુજરી જતાં તેની વાંસે સતી થવા તૈયાર થઈ. પણ પતિનું શબ ખોળામાં લઈ જીવતે બળવું દોહલું જણાયાથી આડોસણ પાડોસણને કહેવા લાગી કે, મારા ધણીની વાંસે મારે સાટે તમે કોઇ સતી થાઓ તો સતી થનારના ધણીના રોટલા રાબ હું કરીશ, તેને હરકત આવવા નહીં દઉં. વાહ સતીનાં આચરણ ! ! મોઢેથી મોટી વાતો કરવી સહેલી છે, પણ સમો આવે વરતવું એજ મહા મુસ્કેલ છે.

—

૧૬. બળદ અને મચ્છર.

એક મચ્છર બળદ ઉપર બેઠો હતો તે બળદને કહેવા લાગ્યો કે તને કેવો ભાર લાગે છે? બળદ કહે તું કયાં બેઠો છે તેની મને ખબર પણ નથી. નબળાએ સબળને હંફાવવા અભિમાન ધરવું એ પોતાનીજ હાંસી થવા જેવું બને છે.

—

૧૭. એક ભાડુત અને ડોશી.

એક ગાડી અમદાવાદથી ધોળકે જતી હતી, તે ગાડીમાં એક ઉતારૂ બાઇ ભાડું ઠરાવી બેઠી. બીજી બે જણીઓ આવી તેને પણ ધોલકા તરફ જવું હતું એટલે ભાડું ઠરાવી તે પણ અંદર બેઠી. એટલે પેલી બાઇએ તેમને પોતાની પાસે બેસવાની ના કહી. ગાડી વાળો કહે, ડોસીમા તમે એકલાં છો ને બે જણી આ બાઇઓ છે તેમાં તકરાર શામાટે કરો છો? મારી ગાડીમાં પાંચ સાત જણાં સમાય તેટલો માગ છે. પેલી કહે તારી ગાડીમાં છ જણનો સમાસ થાય તેવું છે પણ મારી જીભ તેમાં સમાય તેવી નથી માટે તારે બીજી બેને બેસારવી હોય તો મારૂં ભાડું પાછું આપ. કહ્યુંછે કે, "કાં પંથે ને કાં પાડોસે." સાલસ સ્વભાવનાં માણસ વેરીમાં પણ વાસ કરીને રહે છે ને ક્રોધી માણસ કુટુંબમાં પણ શાંન્તપણે રહી શકતાં નથી.

---

૧૮. દુઃખ નિવર્ત્ત થાય તે ઉપાય કામે લગાડવાથી સુખ પ્રાપ્ત થાય છે.

એક કણબીને આંગણે બાવળનું ઝાડ હતું તેની સુળો ખરી પડી પટેલના પગમાં વાગવાથી ઘણા દીવસ પીડાયો. તેજ રીતે તેની સ્ત્રી છોકરાંને સુળો વાગવાથી પીડા થાય, પણ તેનો ખરો ઉપાય કામે લગાડે નહીં અને ઉલટો ભુવા તથા જોશી અને તેવાજ મંત્ર જંત્ર જાણનારની સલાહે ચાલી શરીર તથા પૈસાની ખરાબી કરતો. એક વખત એક સારા વિદ્વાન અને સમજુ માણસની તેણે એ સંબંધી સલાહ પુછતાં તેણે ઉપાય બતાવ્યો કે, તમારે આંગણે જે બાવળ વાવેલ છે તેને જડ મૂળથી કાઢી નાખો એટલે તમારી

પીડા ટળશે. કણબીએ તેમ કરવાથી સહુ સુખી થયાં.

૧૯. કમ યાદદાસ્ત યાને વિસ્મૃતિ.

એક કણબી ગાડું જોડવા સારૂ કાંધે ધોંસરૂં લઇ ઘેરથી ચાલ્યો. થોડેક દૂર ગયા પછી પાછો વળી ઘેર આવ્યો અને ધોંસરૂં શોધવા મંડયો પણ હાથ આવે નહીં; એટલે બાઇડીને પૂછવા લાગ્યો કે કયાંઇ ધોંસરૂં દીઠું ? તે જોઇ બાયડી કહેવા લાગી કે ધોંસરૂં તમારી કાંધે છે ને તમે શું શોધો છો ? મનની અસ્થિરતા, ગુસ્સો અને ચોક્સ બાબત વિષે મનોવૃત્તિનું ખેંચાવું એ યાદદાસ્તની વિસ્મૃતીનું કારણ છે.

૨૦. ઉપયોગી વસ્તુનો તિરસ્કાર કરવો નહીં.

એક મીયાંએ બીજે ગામ જતાં રસ્તામાં નાસ્તામાં ખાવા સારૂ મુળા લીધા. જતી વખત નાસ્તો કરતાં સારા અને કુમળા મુળા ખાધા અને બીજા જરા મોળાશપર હતા તે ચાખી કહેવા લાગ્યો કે, " ઇસ્મેં મૂત હૈ, અચ્છા નહીં હૈ. " એમ કહી નાખી દેતો ગયો. વળતી વખત નાસ્તો ખુટયો અને ભૂખ લાગી એટલે મીયાં ભાઇએ જે મુળા મોળાશપર કહી રસ્તે ફેંકી દીધા હતા તે ઉપર નજર ગઇ અને તે હાથમાં લઇ ખાતી વખત કહેવા લાગ્યો કે, " ઇસ્મેં મૂત નહીં હૈ. " એમ કહી નાખી દીધેલા જેટલા મુળા હાથ આવ્યા તે બધા ઉપયોગમાં લીધા.

૨૧. નીચ જાતના માણસની અંત વખત પણ કુબુદ્ધિ છુટતી નથી.

એક કાઠી મરવા સુતો. અંત વખત છોકરાએ બાપના ઓદ્ધાર માટે ગાયનું દાન દેવા માંડ્યું. તે જોઇ તેનો બાપ કહેવા લાગ્યો કે અરે પુત્રા તું મુરખાઇ કરી છોકરાંને દુઃખી કરી મારી પાછળ ગાય બ્રાહ્મણને આપીશમાં; તારે મારી કાંઇ ફિકર કરવી નહીં. આગળ જતાં નાગનમરના નેશ આવે છે ત્યાંથી એકાદ ગાય હું હાંકી જઇશ. (સારાંશ ચોરી કરી લેતો જઇશ.) જેથી મને વૈતરણી ઉતરવામાં હરકત આવશે નહીં.

---

૨૨. નીચમાં નીચ કોણ?

એક વખત પાદશાહે લવાને પૂછ્યું કે લવા! નીચમાં નીચ કોણ, તે બતાવ. લવે જવાબ આપ્યો કે ખુદાવિંદ પ્રસંગ આવ્યે બતાવીશ.

વચમાં વખત જવા દઇ લવો ઢેડવાડે ગયો અને બધા ઢેડાને ભેગા કરી કહેવા લાગ્યો કે તમોને પાદશાહ વટલાવવા માગે છે. માટે તમારે ઇલાજ લેવો હોય તે લેજો. આ સાંભળી ઢેડલોકો ઘણા ગભરાયા અને ટોળું મળી પાદશાહની હજુરમાં હાજર થઇ કહેવા લાગ્યા કે, "ગરીબપરવર અમારી શી તકસીર છે કે અમોને મુસલમાન કરવા ધારો છો? આપને ચહાય તેવી સજા કરો પણ અમને વટલાવવા નહીં જોઇએ. આ વખતે લવો હાજર હતો તેના સામું જોઇ પાદશાહ બોલ્યો કે ત્યારે નીચમાં નીચ તો કોણ હુંજ કેની! બીજાના દુર્ગુણ જોનાર પોતાના અવગુણનો વિચાર કરતા નથી તેને ઉપરના દ્રષ્ટાંતથી ધડો લેવા જેવું છે.

---

૨૩. ધરધણી તથા મેહેમાનની રીતભાત.

એક જણને ત્યાં મેમાન જાય તેને તે રજા આપતી વખતે

પાંચ ખાસડાં મારે. પછી એક જણ પરિક્ષા લેવા તેને ત્યાં ગયો અને ઘોડું ઝાલી બે ઘડી ઉભો રહ્યો. એટલામાં ઘરધણી આવી તેને મળ્યો અને આદર સત્તકાર કરી ઘોડું બાંધ્યું. જરા વાર પછી તુરત ઢોલિયો ઢાળી ઉપર ધડકી બિછાવી બેઠા, વાતોચીતો કરી ઘોડીને નીરણજોગણ આપ્યું, અને રાત્રે વાળુ કર્યું. બીજે દીવસે સવારે જવાની રજા માગી એટલે તાણ કરીને તે દીવસે પણ રાખ્યો અને સવારે સાબદો થઈ ચાલવા માંડયું એટલે વળાવવા ગયો. ત્યારે મેમાને કહ્યું કે ભાઇ તમારી રીત પ્રમાણે મને ખાસડાં મારી લ્યો. પેલો કહે કે તારામાં મેમાનને છાજતા બધા ગુણ મેં જોયા; જેથી ખાસડાં મારવાને તું બિલકુલ લાયક નથી. મારે ત્યાં મેમાન હું તનેજ ગણું છું. પરોણો થનારે સભ્યતાથી વર્તવું. ઘરધણીની આગતાસ્વાગતાપર સંતુષ્ટ રહેવું. પરાણે આદર સત્કારને જોઇતી હાજતો પૂરી પાડવા પ્રયાસ કરવાથી હલકાઇ જણાઈ આવે છે અને ઘરધણીને તેમના ઉપર અભાવો ઉપજે છે.

---

૨૪. મુલ્લાંજીનો ધક્કો.

જુમા રોજને દીવશે એક મુલ્લાંજી કેટલાક વોહોરાજી સાથે નિમાજ પઢતા હતા; છેલ્લો જણ નિમાજ પઢતાં લથડયો તેનો ધક્કો પાસેનાને લાગવાથી તેણે જાણ્યું કે આજ ધક્કો મરાતો હશે. તે ઉપરથી તેણે તેની નજીકનાને ધક્કો માર્યો. એમ ઉત્તરોત્તર ધક્કો ચાલતાં મુલ્લાંજીને વાગવાથી તે નીચે ગબડી પડ્યા. પછી ધક્કો મારનારને પૂછતાં ઉત્તર દીધો કે પાછળથી ચાલ્યો આવે છે. તેથી આજ ધક્કો મારવાની રીત હશે, એમ જાણી મેં ધક્કો મારેલ છે. છેક છેલ્લાને પૂછતાં તેણે નિમાજ પઢતાં લડથડવાથી

નજીકનાને ધક્કો લાગવાથી પડી ગયાની હકીકત જાહેર કીધી અને તે વાત સમજ્યા વગર ધક્કાધક્કી કરનારની મૂર્ખાઇપર મુલ્લાંજી હસવા લાગ્યા. **"દેખાદેખી સાધે જોગ, પડે પંડ કાં વાધે રોગ."** એ મિસાલે ઘણા જણ સમજ્યા વગર સાધના કરે છે, પણ તેથી કાંઇ ફળની પ્રાપ્તી થતી નથી.

---

૨૫. વોહોરો અને વાણિયાની અદાવત.

એક વોહોરાને અને વાણીઆને અદાવત હતી. વાણીઆનું સગપણ કરવા પરગામથી નાળિયેર આવ્યું અને સગપણના નક્કી ઠરકેરાવપર વાત આવી. એટલામાં વોહોરાજી વાણીઆને ઘેર આવી કહેવા લાગ્યા કે કાં ભાઇ, આજ ફેરીએ નથી આવવાનું? પેલો કહે, ના ભાઇ મારે નથી આવવું. વોહોરાજી બોલ્યા કે, આજ ફેરીએ ન આવવાનું કારણ? તને વાઇનો (વાઇના દરદનો) વારો હશે કેમ? સગપણ કરવા આવનાર વોહોરાની વાત ખરી જાણીને વહેમમાં પડ્યા અને સગપણનું બંધ રહ્યું.

---

૨૬. ભરવાડનો સંદેસો.

એક ભરવાડણની દીકરી બીજે ગામ સાસરે હતી ત્યાં જઇ આવેલ ભરવાડને તેના ખબર અંતર પૂછવા પોતાને ત્યાં બોલાવ્યો. ભરવાડ કહે તારી દીકરીના સમાચાર કહે તો કહી દેખાડું અને કહે તો કરી દેખાડું. ભરવાડણ કહે, કહેવા કરતાં કરી દેખાડે તો વધારે ખાત્રી થાય. એટલે ભરવાડે દીવો પ્રગટી કુબાને લગાડ્યો કે તારી દીકરીના ઘરની આ પ્રમાણે વ્યવસ્થા થઇ છે. મુરખની સાથે સર સંદેસો મોકલવાથી ઉલટું નુકશાન થાય છે.

---

૨૭. વાણીઆ તથા કાઠીની મેમાનગત.

એક વાણીઆને તથા કાઠીને મિત્રાચારી હતી. વાણીઓ કાઠીને ત્યાં જાય ત્યારે તેને આદરમાન આપી સારી પરોણાગત કરે. એક વખત વાણીએ કાઠી ભાઇને ઘણાજ આગ્રહપૂર્વક પરોણો થવા વિનંતી કરી. કાઠીએ તે સ્વીકારી. કોઇ વખત આવી જવા વચન આપ્યું. અને તે મુજબ વાણીઆને ત્યાં મેમાન થયો, વાણીઆભાઇનો જીવ ઓળે ગયો તેણે શેઠાણી સાથે ગમલહત કરી કે હું જે ભોજન તૈયાર કરવાનું કહું તેની તારે ના કહેવી; એટલે કાઠી તારી કસૂર ગણી ચાલ્યો જશે અને મારો ભરમ ઉઘાડો પડશે નહીં. જમવાનો વખત થયો જાણી વાણીઓ વાણીઅણને કહેવા લાગ્યો કે, ભાઇને સારૂ લાપશી કર. પેલી કહે કોઇને બોલાવો મને તો પેટમાં દુખે છે, મારાથી બને તેવું નથી. વાણીઓ કહે જરા શીરો કરી નાખ. પેલી કહે તેપણ નહીં બને. ત્યારે ખીર કરવાનું કહ્યું, તેની પણ ના કહી. છેવટ રોટલો કરવાનું કહ્યું, અને તે વાત પણ શેઠાણીએ કબુલ ન કરી. ત્યારે જાણે કાયર થયો હોયની એવો ડોળ કરી કહેવા લાગ્યો કે આંગણે આવેલ વાલેશરી પરોણા ભૂખ્યા ઘેર જાય નહીં. જાર બાજરાની રાબ કરી નાખ. આ પ્રપંચ સાંભળી કાઠીએ વચમાં આવી કહ્યું કે, "હવે રાબમાંથી જાઓ તો તમને રામ દુહાઇ છે." "તું રાખજે તાડો, હું રાખીશ ટેક; પરોણો ઉઠી ઘેર જશે, આપણે એકનાં એક." એ મિસાલે કાઠીભાઇને થયું. કેટલાક એવા પણ હોય છે કે "પારકે ઘેર ઘોળમંગળ ને પોતાને ત્યાં બાધા મંડળ." કોઇનું ખાઇને રાજી થવું નહીં, પ્રસંગ આવે બદલો વાળવાને ચુકવું નહીં જોઇએ. એવી વ્યવહારાદિકની મર્યાદા છે.

૨૮. શીઆળ, કાગડો અને હરણની દોસ્તી વિષે.

એક શીઆળ, કાગડો અને હરણને દોસ્તી થઇ. કોઇએક વેળા એક ખેતર રેઢું જાણી તેની અંદર તેઓ ગયાં. એટલામાં ખેતરવાળો આવી પહોંચ્યો તેણે પાસલો બાંધી તેને પકડવાનું કર્યું. ખેતરવાળાના ભણકારાથી ત્રણેએ ખેતરમાંથી નાસવા માંડયું, શીઆળ અને કાગડો તેની ઝપટમાં ન આવ્યા, પણ હરણનાં શીંગડાં પાસલામાં ભરાઇ ગયાં અને ખેતરનો ધણી પાછળ દોડયો આવતો જોઇ શીઆળ મનમાં રાજી થયું કે હમણાં હરણને ખેતરવાળો મારી નાખશે એટલે આપણને તેનું તાજું માંસ તથા હાડકાં ખાવા મળશે. એમ ધારી છેટે ઊભો રહી તમાસો જોયા કરતો હતો એટલામાં કાગડો તેની કને આવ્યો અને કહેવા લાગ્યો કે, આપણો મિત્ર હરણ જાળમાં સપડાઇ ગયો છે; માટે તું દાંત વતી દોરી કાપી નાખી તેને જલદી છુટો કર. તે સાંભળી શીઆળે જવાબ દીધો કે આજ મારે તો શીવરાત્રીનો અપવાસ છે એટલે મારાથી જાળ કાતરી શકાય નહીં. શીઆળનાં આવાં ખંધાઇનાં વચન સાંભળી કાગડો ત્યાંથી ઉડયો અને હરણને સર્વ વૃતાંત જાહેર કીધું કે, આમાં શીઆળની લુચ્ચાઇ છે. ખેતરવાળો નજીક આવેલ છે માટે હવે ઊગરવાનો એકજ રસ્તો છે, તે એ કે તું મરવા જેવો થઇ હેઠો પડી જા અને હું તારા માથા ઉપર બેશી આંખો ઠોલવાનો ડોળ કરીશ. એટલે ખેતરવાળો તને મુવેલો જાણી તારા ઉપર ઘા કરતો અટકશે હરણે તેમ કીધું. એટલામાં ખેતરનો ધણી આવી પહોચ્યો. તે મનમાં કહેવા લાગ્યો કે મારો દુસ્મન પોતાની મેળેજ પાસમાં બંધાઇ મરણ પામ્યો છે પણ પેલો શીઆળ હજી જીવતો ઊભો છે એમ કહી તેના તરફ કુહાડીનો ઘા કરતાં તે તેની

કાંધમાં વાગી તેથી મરી ગયો. આ તકનો લાભ લઇ હરણ જાળમાંથી શીંગડાં કાઢવાને શક્તીવાન થયો અને તે તથા કાગડો બને જતા રહ્યા. જતી વખત કાગડે કહ્યું કે:—

શીઆળભાઇ શિવરાત્રી રહ્યા, નરણે ન કાપી નાડી;
ભાઇઓથી ભૂંડા થયા, કાંધમાં વાગી કુહાડી. ૧

---

૨૯. અણસમજુને શિક્ષા થાય નહીં.

એક દીવસ લવો પોતાના નાના દીકરાને તેડી પાદશાહની કચેરીમાં ગયો. પાદશાહે છોકરાને પોતાની કને બોલાવ્યો. તેણે રમતમાં પાદશાહની દાઢી તથા મૂછ તાણી; એટલે પાદશાહે ગુસ્સે થઇ આવા બેવકુફ છોકરાંને શિક્ષા કરવા ફરમાન કીધું. લવો કહે સાહેબ તેમ થાય નહીં, કેમકે એ તો અજ્ઞાન છે. પાદશાહ કહે "અજ્ઞાન હે તો સાપ કયું નહીં પકડતા હે?" લવો કહે તેને પણ પકડે. તે ઉપરથી પાદશાહે સાપ મંગાવી તે છોકરાની નજરે કર્યો એટલે પેલો છોકરો તેને પકડવા દોડ્યો. તે જોઇ પાદશાહે તેનો ગુન્હો માફ કર્યો.

---

૩૦. સમયસુચકતા વિષે.

એક વખત પાદશાહે લવાને સવાલ કર્યો કે, ડાહ્યામાં ડાહી કયી જાત ગણાય? લવે જવાબ દીધો કે, જહાં પનાહ, વાણીઆની જાત બીજી બધી વરણ કરતાં ડાહી અને સમયસુચક ગણાય છે. આ વાતની ખાત્રી થવા પાદશાહે વાણીઆના મંડળને બોલાવ્યું. મહાજન અદબથી હજુરની તાજમ બજાવી કચેરીમાં બેઠું.

અને શો હુકમ છે તે જણાવવા વિનતી કરી. એટલે લવે સહુને કહ્યું કે, પાદશાહ સાહેબનો એવો હુકમ છે કે દિલ્હીમાં જેટલા કાગડા હોય તેટલા ગણી આપો. મહાજને વિચાર કરી એક દીસની મેતલ માગી. બીજે દીવસે સહુએ મળી પરઠ બાંધી પાદશાહ આગળ કાગળમાં આંકડો લખી જાહેર કર્યું કે, ખુદાવિંદ દીલ્હીમાં દશહજાર કાગડા છે. પાદશાહે મહાજનના ડહાપણનો તોલ કરવા કહ્યું કે તમે કહો છો તેથી કાગડા વધુ થાય છે ત્યારે તેમણે જવાબ દીધો કે ખુદાવીંદ તેમ હોય તો તેને ત્યાં બીજા મેમાન આવ્યા હસે પણ દશ હજારથી વધુ કાગડા દિલ્હીમાં નથી, માટે ફરી નક્કી કરવું જોઇએ, પછી તે દીવસે પાદશાહે રજા આપી. બીજે દીવસે મહાજનને બોલાવી પૂછ્યું કે આજ ગણતાં તમારી ગણત્રી કરતાં ઘણા ઘટે છે. તે સાંભળી મહાજનનું મંડળ કહે ખુદાવિંદ તેના સગાં સોહીને મળવા ગયા હશે, તેથી ઓછા થતા હશે. પાદશાહે વાણીઆની સમયસુચકતા અને હાજર જવાબની પ્રસંશા કરી શીરપાવ આપી વિદાય કીધા.

---

૩૧. ખુટલ સાંઢણીની કથા.

એક માણસે એક સાંઢણી ખરીદ કરી. વેચનાર નિખાલસ માણસ હતો તેણે કહ્યું કે આ સાંઢણીમાં બધા સારા ગુણ છે પણ હાકલ પડકારો થએ દોડ પર જવું હોય ત્યારે હઠીલી થઇ ઉભી રહે છે. આની મામાં પણ તેવોજ ગુણ હતો અને તેજ ગુણ તેની ઓલાદમાં ઉતરેલ છે; પણ ખરીદદારે તેની ચપળતા અને ચાલ ઉપર લલચાઇ ખરીદ કરી એક વખત તે માલ લાદી બીજે ગામ જતો હતો તે દરમીયાન હરામખોરોનો ભેટો થયો ને તેમણે

તેને પડકારો કરી વાંસે દોડયા એટલે પેલે સાંઢણીને ઉતાવળથી હાંકવાનું કર્યું; પણ જેમ હાકલ સાંભળી તેમ વધારે હઠ પકડી અને આખર ધીબ લઇ નીચે બેશી ગઈ. એટલામાં હરામખોર આવી પહોંચ્યા અને સઘળો માલ લૂટી ગયા. "ખુટલનો ઓળીઓ ખુટે, ને ઝળકેલનો ઝબકે" એ દ્રષ્ટાંતુંજ છે.

---

૩૨. સો સર અને એક કોશર.

દેરાણીને પાંચ બકરીઓ દુઝતી; અને જેઠાણીને સાત ભેંસો દુઝતી હતી; પણ તે ઉડાઉ હતી. એક વખત તેને ત્યાં મેમાન આવ્યા તે વખતે ઘરમાં ઘી ન હોવાથી દેરાણીને ત્યાંથી પાંચશેર ઘી ઉછીનું લઈ આવી, તે તેણે પાછું માગતાં બદદાનતથી આપ્યું નહીં. અને મારે ઘેર સાત ભેંસો દુઝે છે, હું તારૂં ઘી શામાટે લઉં? એવો બચાવ કીધો. આ વાતની દરબારમાં ફરિયાદ થતાં રાજાએ દિવાનને ઇનસાફ કરવા ફરમાવ્યું. તેણે શેર એક શાકર દરેકને આપી બાર દીવસ લગી પુગાડવાનું ફરમાન કરી રજા આપી. બાર દીવસ પુરા થતાં બંનેને પાછી બોલાવી સાકર માગી. ત્યારે જેઠાણી કહે મારે તો બીજે દીવસેજ સાકર થઇ રહી છે. દેરાણી કહે હજુ મારે ત્યાં પાશેરને આશરે સાકર પડી છે. એમ કહી રજુ કરી. તે જોઇ વજીરે જેઠાણીને ફરમાવ્યું કે, તું ઉડાઉ જણાય છે અને આનું ઘી તેં લીધું છે. એમ નક્કી થાય છે. માટે તે તારે આપી દેવું. "**સો સર અને એક કોશર**" અથવા "**ત્રેવડ વીજો ભાઇ**" એ કહેણી ખોટી નથી.

---

૩૩. જો મન ચંગા તો કથરોટમાં ગંગા.

એક ઠેકાણે થઇ કેટલાક જાત્રાળુનો સંઘ જતો હતો. ત્યાં થઇ શીવ અને પાર્વતીજી નીસર્યાં. પાર્વતીજીએ પુછ્યું કે આ કોણ છે?

શીવજી—એ જાત્રાળુ છે, અને કાશીએ ગયાં હતાં.

પાર્વતીજી—એ બધાંને તિર્થનું ફળ મળ્યું હશે ?

શીવજી—એમનાં આચરણ ઉપરથી માલુમ પડે.

પાર્વતીજી—એની પરિક્ષા શી રીતે થાય ?

શીવજી—હું આંહી બેઠો છું અને તું તે સંઘમાં ડોશીને વેશે જઇ એમ કહે કે મારો ધણી નજીકના તળાવમાં કીચડમાં ખુતી ગયો છે તેને કોઇ કાઢે તેનું કલ્યાણ થાય. તે પ્રમાણે પાર્વતીજીએ સંઘમાં જઇને આજીજી કરી પણ કોઇને દયા આવી નહીં. તે સંઘમાં એક ડોશી હતી તેને દયા આવી અને તે પાર્વતીજી સાથે ચાલી નીકળી અને જ્યાં શીવજી બેઠા હતા ત્યાં આવ્યાં. શીવજી સામું જોઇ પાર્વતીજી બોલ્યાં કે, કોઇના દીલમાં જરાપણ દયા જેવી જાત નથી, ફકત આ ડોશીના અંતઃકરણમાં સદાચાર ને વિશુદ્ધતા નજર આવી. પછી ડોશીને દર્શન દઇ શીવજી તથા પાર્વતીજી અંતરધ્યાન થયાં. જ્યાં લગી દયા, માણુસાઇ, સદ્વર્તન કે કોમળતા આવી નહીં, હૃદયની કઠોરતા મટી નહીં ત્યાં લગી તીર્થ-યાત્રાનું ફળ મળતું નથી. "**જો મન ચંગા તો કથરોટમાં ગંગા**" એ કહેવત આવે પ્રસંગે વાજબી ને યથાર્થ જણાય છે.

---

૩૪. ખરૂં વશીકરણ.

એક સ્ત્રીને તેના ધણી સાથે નિત્ય કજીયો કંકાસ થયા કરે. અને તેની પાડોસણને ત્યાં ધણીધણીઆણી આનંદવૃત્તિમાં રહે,

કદી પણ કંકાશ થાય નહીં કે કોઇ ઉપડતે સાદે બોલે પણ નહીં. તે જોઇ પેલી બાઇ પાડોસણને પૂછવા લાગી કે, બાઇ તમારે ત્યાં નિત્ય સુખવૃત્તિ રહે છે અને તમારો ધણી તમારૂં વેણ વાઢી શકતો નથી તો તમે તેને એવું શું વશીકરણ કીધું છે? પેલી કહે મારી કને એક બાટલી મંત્રેલ છે. પેલી કહે ત્યારે એમ હોય તો બાઇ તેમને પણ જરા આપોની? પાડોસણ કહે, તમારાથી તેની ક્રીયા રખાય તો ભલે લઇ જાઓ, એવી રીતે કે જ્યારે તમારો ધણી તમારા ઉપર ગુસ્સે થાય તે વખત એ બાટલીમાંથી પાણી લઇ તેમાંથી મોંમાં કોગળો ભરી લેવો ને જ્યાંલગી તમારો ધણી તમારી સામું બોલતો બંધ ન થાય ત્યાંલગી કોગળો મોમાંજ રાખવો; બોલતો બંધ થાય એટલે કાઢી નાખવો. એમ થોડા દીવસ કરશો એટલે તમારો ધણી તમને વશ થશે. પેલીએ તેમ કીધું એટલે થોડા દીવસે પાડોસણના કહેવા મુજબ સલાહશાન્તિ પ્રસરી અને બંને આનંદ વૃત્તિથી વર્તવા લાગ્યાં. કહ્યું છે કેઃ-

श्लोक.

उघमे नास्ति दारिद्र॥ जयते नास्ति पातकं ॥
मौने चकलहोनास्ति ॥ नास्ति जागृतो भयं. १॥

૩૫. બે કંજુસની કથા.

એક લોભિયાને રસ્તામાં તેનાજ જેવો બીજો કંજુસ સામો મળ્યો. તેણે પેલાનું મોઢું ઝંખવાણું પડેલું જોઇ પૂછયું કે, કેમ બાઇ ? આજ તમારૂં મોઢું ઝાંખું દેખાય છે? શું તમારી ગાંઠેથી કાંઇ દ્રવ્ય પડી ગયું છે? કે કાંઇ બીજી હાની થઇ છે? પેલો કહે

મારી ગાંઠેથી એક પૈસો પણ પડી ગયો નથી તેમ બીજું કાંઇ નુકશાન થયું નથી, પણ આજ મારા પાડોસીને ધર્માદા અને પરમાર્થના કામમાં છુટે હાથે હજારો રૂપિયાનું ખર્ચ કરતો જોઇ મારૂં મુખારવિંદ નીસ્તેજ થયું છે, બીજું કાંઇ કારણ નથી. "ગાંદરે ગા ધાવે સારી પેટ કુટે" તે આનું નામ.

---

૩૬. સમુદ્ર ને કુવાનો દેડકો.

એક વખત સમુદ્રનો અને કુવાનો દેડકો ભેગા થયા. સમુદ્રનો દેડકો કહેવા લાગ્યો કે, દરિયો ઘણોજ મોટો છે અને તેમાં મોટાં મોટાં પ્રાણીઓ રહે છે. તે સાંભળી કુવાનો દેડકો કુવાની અંદર જરા ઠેકડો મારી બોલ્યો કે, સમુદ્ર આવડો છે? પેલો કહે, એથી ઘણોજ મોટો. ત્યારે એથી જરા આઘો કૂદયો કે, આવડો? પેલો કહે ભાઇ એનું પરિમાણ ઠેકડો મારે ખ્યાલમાં આવે તેવું નથી. એટલે જોરથી કૂદકો મારી કાંઠા લગી ગયો, કે કાં આવડો? સમુદ્રનો દેડકો કહે, એથી ઘણોજ મોટો છે તે તું નજરે જુએ તોજ તારી ખાત્રી થાય. પેલો કહે તારી વાતજ ખોટી છે. સમુદ્ર આથી મોટો હોયજ નહીં. આથી (છેવટ) આવી રહ્યું. જેણે દેશ દેશાવરની મુસાફરી કરી નથી અને જે કુવાના દેડકાની પેઠે ઘર કે ગામમાંજ પડી રહ્યો છે તેને બહાર દેશાવરનો ખ્યાલ આવી શકતો નથી; ને પોતાના વતન કે પ્રગણાનેજ દુનીઆં સમજે છે.

---

૩૭. શીઆળ ને હાડકું.

એક શીઆળ વગડામાં ફરતું હતું તેને એક મોટું હાડકું હાથ લાગ્યું, તે જોઇને બોલ્યું કે હવે આ કોઇ દીવસ ખુટશે નહીં

માટે નાત તથા સગાંવહાલાંને નોતરી તેને ખવરાવું એટલે સહુ મારાં વખાણ કરશે. એવો મનસુબો કરી તેણે સહુને નોતરૂં દીધું. થોડા દીવસ થયા એટલે હાડકું ખુટી રહ્યું જેથી સહુ સહુને ઠેકાણે ગયાં. બનાવ એવો બન્યો કે પેલા શીઆળનો પગ ભાગ્યો અને તેનાથી ચારા માટે જઇ શકાય તેવું ન રહ્યું. જેને નીમંત્રણ કરી આગતા સ્વાગતા કરી હતી તેમાંના ઘણાકને આજીજી કરી પણ તેમાંના કોઇએ તેની સાહયતા કરી નહીં એટલે મનમાં પસ્તાવો કરી કહેવા લાગ્યું કે, મેં કેવી મૂર્ખાઇ કરી હાથ આવેલો લાંબી મુદત લગી ચાલે તે ખોરાક ફુલણજી થઇ ઉડાવી દીધો; જો તેમ નહીં કીધું હોત તો આજ આપતકાળમાં ખપ લાગત. કહ્યું છે કેઃ—

શ્લોક

आपदर्थे धनं रक्ष, दारा रक्ष धनै रपी
आत्मा अर्थे सर्व रक्ष, दारा रपी धनैरपी. १

---

૩૮. ગુન્હો પકડવાની યુક્તિ.

એક માણસે પોતાનું રૂ ચોરાયાની ફોજદાર કને ફરિયાદ કરી. ફોજદારે તેની વાત સાંભળી લેઇ તેની સાથે મસલત કરી ગામને નોતરૂં દેવાનું કહ્યું. તે ઉપરથી સહુ જમવા આવ્યા. હાથ પગ ધોઇ પાટલા ઉપર બેઠા, તે વખતે ફરિયાદીએ ફોજદારની સાથે સંકેત કર્યા પ્રમાણે કહેવા લાગ્યો કે, મારૂં રૂ ચોરનાર અહીં આવેલ છે. જુઓ સાહેબ તેની દાઢીમાં હજુ પણ રૂ ભરાઇ રહ્યું છે. એટલામાં એક જણે દાઢીમાં હાથ નાખ્યો. એટલે તુરત

પોલીસે તેને પકડી રનો પત્તો મેળવ્યો.--"**દારૂારીનું હૈયું કાચું હોય છે**" "**ચોરને માથે કાગડો**" એ કહેવત વશાર્થ છે.

૩૯. "દગા કિસીકા નહીં સગા, કિયા ન હોય તો કર દેખો."

એક ફકીર ગામમાં ફેરી કરતો હતો તે વખતે એવો સવાલ બોલતો હતો કે "**દગા કિસીકા નહીં સગા, કિયા ન હોય તો કર દેખો.**" આ વાતની એક બાઇને પ્રતિતી ન આવવાથી તેણે એક દીવસ તે ફકીરને ઝેરના લાડુ વાળી જમવા નોતર્યો. ફકીર ઘરઆગળ આવી બેઠો એટલે પેલી બાઇ કહે તમે બેસો હું પાણીનું બેડું ભરી આવી તમને પીરસું. એમ કહી તે પાણી ભરવા ગઇ. એટલામાં તેનો દીકરો ગામ ગયો હશે તે આવ્યો. પેલીને જરા વાર થઇ અને છોકરાને ભૂખ લાગેલી તેથી ખાવાનું શોધવા મંડ્યો, એવામાં પેલા ઝેરના વાળેલા લાડુ તેની નજરે પડ્યા, એટલે તે લઇને ખાવા મંડ્યો; અને જ્યાં બે કોળીઆ વાળ્યા એટલામાં જમપુરીનો રસ્તો લીધો. એવામાં પેલી બાઇ આવી પોહોંચી અને તે આ ખેદકારક બનાવ જોઇ છાતી કૂટવા મંડી. આડોશીપાડોશી ધાઇ આવ્યાં તેમણે કારણ પૂછતાં ઉપરની હકીકત જાહેર કરી. લોકો તેની મૂર્ખાઇને નિંદવા લાગ્યાં. "**ખોદેગા ખાડા, આવેગા આડા.**" "**કરવું તેવું પામવું, ને વાવીએ તેવું લણવું.**"

૪૦. જાનમાં કોઇ જાણે નહીં ને હું વરની ફઇ;
ગાડું બાડું ન મળ્યું ને પગ ઘસડતી ગઇ.

એક વરની જાન એક ગામથી બીજે ગામ જતી હતી. તેની સાથે વગર નોતરે એક બુઢ્ઢી ડોસી સાથે સાથે જમવા રમવા ગઇ.

ગામમાં જેને તેને મોઢે કહેતી ફરે કે "હું વરની ફૂઇ છું." વર તરફનું સગપણ બતાવવાથી માંડવા તરફથી તેની સારી રીતે સરભરા કરવામાં આવી. પછી જ્યારે જાન વિદાય થઇ અને સહુ રસ્તે પડયાં ત્યારે માંડવાવાળા કહેવા લાગ્યા કે, અરે જાન તો ચાલી ને આ વરની ફૂઇબાને કેમ ભૂલી ગયા? એક જણ દોડીને જાનવાળાને કહેવા ગયો કે વરની ફૂઇ પાછળ રહી ગયાં છે, તે વૃદ્ધ માણસ કેમ પોહોંચશે? માટે ગાડું ઉભું રાખી તેને બેસાડો. પેલા કહે એ તો કોઇ મફતનું ખાવા સાથે આવેલ છે, વરને તેની સાથે કાંઇ સંબંધ નથી. એ સાંભળી સહુએ જાણ્યું કે આતો મફતની ફૂઇ થઇ ઠગી ગઇ. જાનમાં તો કોઇ જાણતું પણ નથી. એવા માણસ વિષે ઉપરની કહેવત લોકોમાં પ્રસિદ્ધ છે.

૪૨. ચોર અને શાહુકારનો દીકરો.

એક શાહુકારના દીકરાને ચોરની સંગત થવાથી તેમના જેવા કરતુક શીખવાની તેને મરજી થઈ; તેથી ચોર ભેગો જવા આવવા લાગ્યો. ચોર તેને જે જે હીકમત બતાવે તે બધી લખી રાખી પાઠે કરવા લાગ્યો. એક વખત એક ગામમાં તેમણે ખાતર પાડયું, એટલામાં ચોકીવાળા આવી પોહોંચ્યા એટલે બીજા ચોર નજર ચુકવી નાશી ગયા; પણ પેલો શાહુકારનો છોકરો પકડાઇ ગયો. ચોકીવાળાએ તેને મારવા માંડયો ત્યારે તે બોલ્યો કે "મને મારોમાં, મેં બધું લખી રાખી પાઠે કર્યું હતુ પણ ચોરી કરતાં માર પડે છે તે લખી રાખ્યું નહોતું." તેના બોલવાની ઢબ ઉપરથી ચોકીવાળાએ તજવીજ કરી તો તે શાહુકારનો દીકરો માલુમ પડયો પણ ચોરની સંગતે ચઢ્યાથી તેની આ વલે થવાથી મા

ખાવો પડયો. સવારે દરબાર આગળ ચોકીવાળાએ તેને ખડો કરી સર્વ વૃત્તાંત જાહેર કર્યું. દરબારે શાહુકારના દીકરાની ચોરની શોબતથી થએલ દશા ધ્યાનમાં લઈ એક વખતને માટે ખટીત નશીયત આપી છોડી દીધો. નીચ કર્મ શીખવાથી સારૂં ફળ થતું નથી. ઉતરતાંની સંગતથી ઉતરતી મતિ સુઝે છે.

---

૪૨. દીલપર દીલ.

પાદશાહી અમલમાં દિલ્હી શેહેરમાં કઠીઆરા લાકડાંના બારા વેચવા અને મહીયારીઓ દૂધ વેચવા આવતી હતી. પાદશાહ મહીઆરીઓને જોઇ પોતાની બેટી માફક તેનાપર નિહાયત ખુશી બતાવતો; પણ કઠીઆરાઓને જોઇ તેનાપર કમરજી રહેતી. જોકે મહીઆરી જાઇ અને કઠીઆરા દુસ્મન એમ કાંઇ નહોતું; પણ સ્વભાવિક રીતે પાદશાહના દીલપર એવીજ અસર થતી. એક દીવસે તેનું કારણ લવાને પૂછતાં લવે ઉત્તર આપ્યો કે જેવું તમારા દીલમાં છે તેવુંજ હેત ક-હેત તેમના દીલમાં છે. આ વાતની ખાત્રી કરી બતાવવા પાદશાહે લવાને હુકમ કર્યો. તે ઉપરથી બીજે દીવસે કઠીઆરા તથા મહીઆરીઓને આવવાની વખત અગાઉ લવો માર્ગ રોકી બેઠો અને પાદશાહને ચર્ચા જોવા એક ઝાડને ઓથે બેસાર્યા. જેવા કઠીઆરા આવ્યા કે લવે તેમને કહ્યું કે પાદશાહ ગુજરી જવાથી આજ જરૂરત છે માટે લાકડાંનો ખપ છે. આ બારાની કીમત લ્યો અને બીજા વધારે જલદી લાવો. કઠીઆરા લાવેલ બારાની કીમત લઇ હોંશભેર બીજા નવા બારા લેવા દોડી નીકળ્યા. એટલામાં મહીઆરીઓ આવી તેને લવે કહ્યું કે પાદશાહ ગુજરી જવાથી આજ જરૂરત છે માટે આ દહીં તથા

દૂધની જે કીંમત થાય તે લઇ બીજાું વધારે દૂધ તથા દહીં લાવો. આ સાંભળી મહીઆરીઓ કૂટવા તથા માથાના વાળ ખેંચવા લાગી. માથા ઉપરનાં મટકાં પણ ફુટી ગયાં ને રડારોળ થઇ રહી. લવો ધણુંએ છાની રાખે પણ રહે નહીં. આ બધું જે પાદશાહ ઝાડને ઓથે રહી જોતો હતો તે એકદમ મહીઆરીઓ કને આવી તેમને શાન્ત કરી ઘણોક દાયઝો આપી વિદાય કરી. પાદશાહને ખાત્રી થઇ કે **દીલપર દીલ છે.** એ વાત જરા પણ ખોટી નથી.

---

૪૩. મિથ્યાભિમાન.

એક બાઇ ઘણી મિથ્યાભિમાની હતી. તે દૂધપાક કરવા માટે પડોસણને પૂછવા નીકળી. પોતાને દૂધપાક આવડતો નથી એ વાત છુપાવવા તે પડોસણને કહેવા લાગી કે, તમે દૂધપાક તો કરી જાણતાં હશો, કાં નહીં? પેલી કહે, હા, એમાં શું કરવાનું છે, એતો સહુએ જાણે. ત્યારે પેલી મિથ્યાભિમાની કહે, કહો જોઇએ કેમ કરે? પેલી કહે દૂધમાં થોડા ચોખા નાખી પછી ઘણીવાર દૂધને ચૂલાપર રાખવું ને ઘટ થાય એટલે માંહે ખાંડ નાખી એટલે દૂધપાક થાય. પેલી કહે એમાં તમે શું વધારે જાણ્યું? એમ તો હું પણ કરી જાણુંછું. મેં જાણ્યું કે તમે કાંઇ વધારે સારી રીત જાણતાં હશો! આવાં મર્મના વચન સાંભળી પડોસણે તેનું મિથ્યાભિમાન મૂકાવવા કહ્યું કે, હું જરા કહેતાં ચુકી ગઇછું, માંહી જરા મીઠું નાખવું જોઇએ; કેમકે તે વગર દૂધપાક સ્વાદિષ્ટ થાય નહીં. પેલી મિથ્યાભિમાની કહે, કહોછોને હું જાણું છું! બધી બાત ભૂલી ગયાં? મીઠું નાખ્યા વગર તે દૂધપાક થતો હશે? પછી તે પ્રમાણે તેણે દૂધપાક કરતાં ખારો થયો એટલે પડોસણને પાછી

પૂછવા ગઇ. ત્યારે તેણે ઉત્તર આપ્યો જે, મારી બાઇ જે વાત જાણતાં નથી તેનું ખોટું અભિમાન શામાટે ધરવું જોઇએ જે તમે જાણતાંજ હોત તો દૂધપાકમાં કદી પણ મીઠું નાખત નહીં.

---

૪૪. પાત્ર વિના પેટની વાત ટકતી નથી.

કોઇ એક રાજાને માથે અવયવ વધવાથી શીંગડાં જેવો દેખાવ થઇ રહેલો હતો. તે હજામત કરતાં હજામના જેવામાં આવ્યો. રાજાએ તેને કહ્યું કે, તારે આ વાત બીજાને કાને જવા દેવી નહીં. વાળંદ કહે, ઠીક, નહીં જવા દઉં.

હજામત કરી તે ઘેર આવ્યો, પણ જમવાનું ભાવે નહીં, અને પેટમાં આફરો ચડયો હોય તેમ ઘડીએ ઘડીએ ઉઠી આઘો જાય અને વળી પાછો આવે. એમ કરતાં બજારભણી ગયો, પણ પેટની વરાળ કાઢવાનું કોઇ ઠેકાણું તેની નજરમાં આવ્યું નહીં. એટલે ચાલ્યો ચાલ્યો જંગલમાં ગયો. ત્યાં એક મોટું વડનું ઝાડ દેખી તેને કહેવા લાગ્યો કે, "રાજાને માથે શીંગડું ઉગ્યું છે તે મેં નજરે દીઠું છે." આ વાત નજીકમાં એક કઠીઆરો લાકડાં કાપતો હશે તેણે સાંભળી અને ગામમાં આવી વાત કરી. તે વાત ચપણુતી ચણુપણુતી રાજાને કાને ગઇ. ત્યારે તેણે પેલા હજામને બોલાવી પૂછયું કે, તેં શીંગડાંની વાત કોઇને મોંઢે કરી છે? જેવું હોય તેવું માની દે પેલો માફ માગી કહેવા લાગ્યો કે, મારાથી વાત કર્યા વગર રહેવાયું નહીં તેથી વગડામાં વડના ઝાડ હેઠળ ઉભો રહી તેને આ વાત કહી છે, બીજા કોઇને મોંઢે કહી નથી; માટે મારો ગુન્હો માફ કરવો જોઇએ.

રાજાએ જાણ્યું કે હલકા દીલના માણુસના પેટમાં ગુહ્ય વાત

ટકી શકતી નથી. કેમકે કહ્યું છે કેઃ—

દોહો.

ઓછે નરકે પેટમેં, રહે ન છાની બાત;
આધે શેરકે પાત્રમેં, કૈસે સેર સમાત.

૪૫. બોલે તેનાં બોર વેચાય.

બે બાઇડીઓ ટોપલા ભરી શેહેરમાં બોર વેચવા ગઇ. એક જણી એક ઠેકાણે જઇ બેઠી અને બીજી તેની નજીક બેસી બોલવા લાગી કે, "લ્યો ચણીબોર, મીઠાં દ્રાક્ષ જેવાં છે." તે સાંભળી જેને બોર જોઇતાં હતાં તે લેઇ ગયાં; પણ પેલી અબોલ ટોપલો ભરી બેઠી હતી તેનાં બોર તો સાંજ પડી તોપણ વેચાયાં નહીં; ત્યારે તેની બહેનપણી કહેવા લાગી કે મારી બાઈ બોલ્યા ચાલ્યા વગર ટોપલો ભરી બેશી રહ્યે બોર ખપતાં હશે? બોલે તેનાં બોર વેચાય. પોતાનો હુન્નર-કળા જાહેરમાં લાવ્યા વગર મનમાંજ સમજી રહેનારની લોકો કદર કરતા નથી. અને તેની કળા અને બનાવટ અંધારામાં રહેછે, એવો આ દ્રષ્ટાંત ઉપરથી સાર સમજવો.

૪૬. વાલ મોટો કે ગદીઆણો.

એક કાઠીઆણી સોનીની દુકાને હેમનો ઘાટ ઘડાવવા ગઇ. સોનીએ સોનું ચોરવાનો ઘણો પ્રયાસ કર્યો પણ કાઠીઆણી ગંભીર ચહેરે એકી નજરે જોઇ બેસી રહેલી હોવાથી તેનું કાંઇ ફાવ્યું નહીં, અને તેની સ.વચેતી આગળ સોનીબાઇ નિરાશ થયા. દાગીના તૈયાર થયા એટલે તોળવાનો આદર કર્યો. સોની કહે ત્રણ

ગદીઆણા ને અદી વાલ તોલમાં થાય છે. આ સાંભળી કાદી-આણી પૂછવા લાગી કે, "બાઇ વાલ મોટો કે ગદીઆણો?" સોનીએ જાણ્યું કે આ તો મૂર્ખજ જણાય છે! તેણે ઉત્તર આપ્યો કે, બાઇ વાલ મોટો. અત્યાર સુધી જે ગંભીરપણે બેઠી હતી તેના બોલવા ઉપરથી તેના ડહાપણનો ક્યાસ સોનીએ કરી લીધો, અને પોતાને ફાવતું કરી સોનું ઉચાપત કર્યું. અબોલ માણસના મન-નો મર્મ જલદી કળી શકાતો નથી, પરંતુ ઉતાવળીઆ અને બહુ-બોલા સ્વભાવના માણસના દીલનો તોલ તુરત થઇ શકે છે.

૪૭ નાડું પકડી રાખનાર મુલ્લાંજી.

એક મુલ્લાંજી પરગામ ગયેલા ત્યાંથી પાછા વળતાં એક ઓળખીતો કણબી ઘાસનું ગાડું ભરી આવતો હતો તેનો સંઘાત થયો. કણબીએ આગ્રહ કરી મુલ્લાંજીને ગાડામાં બેસાડ્યા; અને રસ્તો ખડબચડો આવે ત્યાં નાડું પકડી રાખવા ભલામણ કરી. એવામાં એક ઠેકાણે થઇને જતાં ઢાળ આવ્યો. તેથી કણબીએ મુલ્લાંજીને કહ્યુ કે નાડું જોરથી પકડી રાખજો. મુલ્લાંજી કહે, ફિકર નહીં. એમ કહી જોરથી પોતાના પાયજામાનું નાડું પકડી રાખ્યું. ઢાળ આગળ ગાડું આવતાં મુલ્લાં-સાહેબ ધીબ લઇને ગબડી પડ્યા. કણબી કહે, અરે મુલ્લાં સાહેબ! મેં નાડું પકડી રાખવા કહ્યું હતું તે કેમ ભુલી ગયા? વોહોરાજી કહે, "જુઓની બાઇ, નાડું તો હજુબી હાતમાંતી મુકું નતી." કણબી કહે, ચોરણાનું નાડું નહીં પણ ગાડાનું નાડું પકડી રાખવા મેં તમને ભલામણ કરી હતી. ચોરણાનું નાડું પકડવાનું કારણ આ જગોએ હોય નહીં. કહ્યું છે કેઃ—

દોહો.

સમય સમજકે કીજીએ, કામ વદે અભિરામ;
સિંધવ માંગો જીવને, ઘોરાકો કહા કામ.

---

૪૮. શાહુકારની દેખાદેખી કરનાર હજામ.

એક નગરના શાહુકારની એક હજામ હજામત કરતો હતો. શેઠ ને ત્યાં હમેશ દેશ દેશાવરના કાગળ આવતા. તેમાં જે માલની ખપત જણાય અને જેમાં બે પૈસા પેદા થાય તે ચીજ ખરીદવા પોતાના વાણોતરને તે હુકમ કરતો. તે સાંભળી હજામ પણ તે તે જાતનો માલ લઇ સારી રીતે પેદા કરવા લાગ્યો. અને ગામમાં શેઠની પદવી ધારણ કરવાનો ડોળ દેખાડવા લાગ્યો આ વાત પેલા શાહુકારના જાણવામાં આવી કે હજામ દેખાદેખી કરી આપણી હરીફાઇ કરવા ધારેછે, માટે તેનું કૌવત ને આવડતની પરિક્ષા કરવી. એવું નક્કી કરી જ્યારે તે હજામત કરવા આવ્યો ત્યારે શેઠે વાણોતરોને બોલાવી હુકમ આપ્યો કે દેશાવરથી આડતીઆનો કાગળ છે તેમાં રૂ ૧ નો તાંદલજો પાશેર થયાનુ લખે છે માટે તમે જાઓ ને જ્યાંથી બને ત્યાંથી તાંદળજો ખરીદી વખારો ભરી મને જાહેર કરો. ગુમાસ્તાઓને આ સંકેતની ખબર હતી તેમણે શેઠનો હુકમ અગત્યનો હોય એવો દેખાવ કરી તુરત રજા લીધી અને પેલા વાળંદે પણ તે દીવસ શેઠની હજામત કરી નકરી ને એકદમ ઉતાવળો ઘેર ગયો અને કોથળી ખીંટીએ મુકી રૂપીયાની થેલી લઇ બજારે ગયો .અને જેવોને જેટલો તાંદળજો મળ્યો તે મોંમાગ્યાં દામ આપી ખરીદ કરી લીધો અને ગામમાં પૂરો ન પડવાથી પરગામથી ગાડાં ભરી મંગાવી વખારો ભરી દીધી અને તેમ કરવા-

માં ઘરની મુડી ઉપરાંત કરજ પણ કાઢવું પડયું. એટલે હજામભાઇ તાંદળજાના વેપારમાં ખાલીખમ થઇ બેઠા, પણ કોઇ ઘરાકી આવે નહીં તે શેઠની દુકાને રોજ ચરચા જોવા જાય પણ કોઇ તાંદળજાની વાત પણ કરે નહીં. આખર એક વખત શેઠની હજામત કરવા ગયો ત્યાં શેઠે વાણોતરને કહ્યું કે તાંદળજાની પીડ પડી ભાગી છે માટે તમો બીલકુલ પાશેર પણ તાંદળજો લેશો નહીં. વાણોતર તો મૂળથીજ જાણુતા હતા એટલે તે કહેવા લાગ્યા કે, આ વાળંદભાઇ બધો તાંદળજો ખરીદ કરી બેઠા છે એટલે અમોને બીલકુલ મળી શક્યો નથી. શેઠ કહે ઘણું સારૂં થયું; હવે એટલી પીડ પડી બાગી છે કે તેને કોઇ મફત પણ રાખતું નથી. આ સાંભળી હજામભાઇની તો અમીચંદશાની પેઠે ડાગળી ખશી ગઇ અને તાલેવંત થવાની આશાને બદલે તાંદળજાના વેપારમાં પાયમાલ થઇ ગયો.

---

૪૯. તલ વાવ્યા પેહેલાં તકરાર કરનાર પટેલ પટલાણી.

એક કણબીએ પોતાની બૈરીને કહ્યું કે ખેતરમાં આ સાલ આગરે તલનું વાવેતર કરવા મારો વિચાર છે.

પટલાણી—મારો પણ એજ વિચાર છે.

પટેલ—તલ મોટા થશે એટલે તેના રક્ષણ માટે મારે રાત દીવસ ત્યાંજ રહેવું પડશે.

પટલાણી—કાંઇ ફીકર નહીં. હું નવો સાલ્લો પેરી ભાત બઇને ત્યાં આપવા આવીશ.

પટેલ—રાંડ નવો સાલ્લો પેહેરી લડપડાટ કરતી તલના ખેતરમાં ચાલીશ તો તો તલનાં બધાં ફુલ ખરી જશે માટે નવો સાલ્લો પેહેરીને તારે આવવું નહીં.

પટલાણી—ના, હું તો નવો સાલ્લો પેર્યા વગર,ભાત નહીં આવું.

આ રીતે પટેલ કહે અવાય નહીં ને પટલાણી કહે આવીશ. એક બીજાએ જીદ ન છોડવાથી આખર પટેલ લાકડી લઇ ઉભા થયા ને એકાદ બે પટલાણીના વાંસામાં ઝાડી દીધી. પટલાણી બુમે બુમ પાડવા મંડી આડોશી પાડોશી ધાઇ આવ્યાં અને લડવાડનું કારણ પૂછતાં પટેલે ઉપરની વાત કહી બતાવી. લોકો તેમની મૂર્ખાઇઆર હસવા લાગ્યા, કે તમ બાબા પેહેલાં તકરાર કરી નાહક લડી મુવાં. દીકરો અવતર્યા પેહેલાં નામ ધરાવી બેઠાં. તમારા જેવાં મુર્ખ કોઇ હોયજ નહીં! જે વાત અસ્તીમાં આવી નથી તેને માટે આગળથી લડી મરવું એ બેવકુફાઇ છે.

---

૫૦. ઊંદરડી મારી તે વખતે ઊંદર પણ મારે.

ઇજ્જત, આબરૂ અને વિદ્વાન ઘર જોઇ પોતાના પુત્રના સગપણ માટે એક માણસ પોતાના મિત્ર સાથે એક ગામ ગયો. અને ત્યાં જઇ પોતાની જ્ઞાતીના એક ગૃહસ્થની દીકરીનું માગું કર્યું, હા હવેસો પડાવ્યો. રાત્રે વાળુ કરવા ઉઠયા ત્યારે વેવાણના પગ નીચે એક ઊંદરડી આવી ગઇ તેને તેણે જાણી જોઇ કચરી નાખી; તે પેલા પરોણાઓએ નજરોનજર દીઠું. પરંતુ તે વખત કાંઇ બોલ્યા નહીં, પણ વાળુ કરી રહ્યા પછી પરિયાણ કર્યું કે, જેણે આવું કુકર્મ કર્યું તેનાં અંદરખાનેથી આચરણ પણ તેવાંજ હશે, અને તેમની સંતતી પણ તેવીજ હશે. જેણે ઊંદરડી મારી તે વખતે ઊંદર પણ મારે. (વધારે ખોટું કામ કરે.) માટે આવા કુળની કન્યા આપણે ન જોઇએ. એવો વિચાર કરી રાતે વહેલા

ઉઠી ચાલ્યા ગયા. ગુણ, કર્મ, વિવેક, શીળતાની પરિક્ષા પખા વ-ગર સંબંધીપણું કરવાથી પસ્તાવું પડે છે.

---

૫૨. નામનો ફાંકો ધરાવનાર મીઆંભાઇ.

એક રજપુત અને સીપાઇને રસ્તે ચાલતાં સંગાત થયો. સીપાઇએ રજપુતને પૂછ્યું કે " તુમારા નામ ક્યા? "

રજપુત—મારૂં નામ નથુજી.

સીપાઇ—એસા બપુડીયા નામ ક્યા રખા હૈ?

રજપુત—નામ ફક્ત ઓળખને માટે છે, માટે નામ ઉપ-રથી કાંઇ મોટમ કે નાનમ નથી.

સીપાઇ—નહીંજી, નામ તો અચ્છા રખનાં ચહીએ.

રજપુત—તમારૂં નામ શું?

સીપાઇ—મેરા નામ શેરખાં હયે. અભી જો કોઇ બાઘ મીલે તો ટુકડે ટુકડા કરડાલું.

રજપુત—મીંયાં સાહેબ તમે ખરૂં કહો છો. તમે તેમ કરો તેમાં કાંઇ નવાઈ નહીં; પણ વખત પડે જણાય. એટલામાં એક વિકટ રસ્તો આવ્યો ત્યાં એકાએક પુંછનો ઝંડો ચડાવી પંજો ઝાટકી એક વિક્રાળ વાઘ તેમની સામે ખડો થઇ ઉભો રહ્યો. તે જોઇ રજપુત સીપાઇને કહેવા લાગ્યો કે, લ્યો શેરખાં બાઇ! હવે ટુકડા કરડાલો. તે સાંભળી સીપાઇભાઈ બોલ્યા કે, નથુજી ભાઈ એતો હમ તુમકું મશ્કરીમેં કહેતાથા; મેરા ખરા નામ તો મીયાં ફસકુ હૈ.

રજપુત—શાબાશ મીયાં ફસકુ! મોઢેજ બડાઇ મારી જાણો

છો કે શું? પછી રજપુતે લુગડાનો ગોટીલો વાળી એક હાથ વાઘના ડાચામાં નાખ્યો અને બીજે હાથે તરવારવડે વાઘનું મુસ્તક ઊડાવી દીધું. પછી તે તથા ફ્રસકુજી બંને રસ્તે થયા.

પર. એક સત્યવક્તા અને કસાઇ.

એક ઠેકાણે એક સત્યવક્તા કથા વાંચતો હતો, ત્યાં થઇ એક ગાયને જતાં તેણે દીઠી. અને તે પછી તરતજ તેની પાછળ એક કસાઇ નીકળ્યો. તેણે પેલા સત્યવક્તાને પૂછ્યું કે, "અહીં થઇ કોઈ ગાય જતાં જોઈ?" સત્યવક્તા કહે, જેણે જોઇ છે (આંખ) તે કહી શકે તેમ નથી ને કહી શકે (જીભ) તેમ છે તેણે જોઈ નથી." આ સાંભળી કસાઇ કહે, બડો ઠગ દેખાય છે. એમ કહી ચાલતો થયો.

પ૩. આ ઘોડું તો મુડચંદને પાડી દીએ.

એક વાણીઓ પોતાના દીકરાના વિવાહ પ્રસંગે ફુલેકે ચડાવવા ઘોડું ભાડે લેવાગયો અને એક રાતના ભાડાનું પૂછ્યું. પૂછપરછ કરતાં રૂ ૫) ભાડુ લેઈ ઘોડી આપવાની એક જણે હા પાડી. તે સાંભળી વાણીઓ કહે, ના ભાઇ, એ ઘોડીથી તો મારો મુડચંદ પડી જાય. એમ કહી ચાલી નીકળ્યો. ખર્ચ કરી શોભા કરવાનું કંજુસને ગમતું નથી એટલે પોતાનો લોભ છુપાવવા હરેક વાતની અવગણના કરે છે.

પ૪. પાગીયા પતળ્યા વગર કામ થાય નહિ.

પીંપરનો હાથો કુહાડીમાં નાખી એક જણે બાવળનું લાકડું કાપ-

વા માંડયું પણ બાવળનું લાકડું કઠણ ને પીંપરનો હાથો નરમ હોવાથી કપાય નહીં; ત્યારે બાવળનું લાકડું બોલ્યું કે, " એમ હું નહીં કપાઉં, મારાજ લાકડાનો હાથો વાઢી કુહાડીમાં નાખી પછી મારા ઉપર ઘા કર તો હું તુરત કપાઈશ. પેલે તેમ કર્યું એટલે બાવળનું લાકડું તુરત કપાઇ ગયું.

---

૫૫. સમય વરતે તે સાવધાન.

એક બ્રાહ્મણ પોતાની દીકરીનું ઘણે ઠેકાણેથી માગું આવે પણ સગપણ કરે નહી ને કહે જે કોઇ સમય ભણેલ હોય તેનેજ મારી દીકરી પરણાવું. પછી એક બ્રાહ્મણે તેને ત્યાં જઇ માગું કર્યું. પેલે કહ્યું કે, તમે સમય ભણેલ છો? ત્યારે તેણે કહ્યું, હું પુરી રીતે સમય ભણેલ છું. એ ઉપરથી પેલાએ પોતાની દીકરી તેને વેરે વરાવી વિવાહ કીધો.

એક વખત અગણોતરા જેવો દુકાળ પડયો; માણસો દુઃખી થઇ જેને જ્યાં ફાવે ત્યાં પેટના ગુજરાન અરથે ચાલી નીકળ્યાં. આ વખતે પેલો બ્રાહ્મણ દીકરીની ખબર લેવા તેને ગામ ગયો. તો જમાઇ એક સાળવીને ત્યાં વણાટનું કામ કરવા નોકર રહ્યો હતો, તે રોજના આઠ આના મજુરી લેઇ પોતાનું તથા બાળબચ્ચાંનું સારી રીતે ભરણ પોષણ કરતો હતો. તે જોઇ સસરો ઘણોજ ખુશી થયો અને બોલ્યો કે, તમે બરોબર સમય ભણેલ છો. એ વાતની મને ખાત્રી થઇ. જેવો વખત તે પ્રમાણે વરતી ચાલવું એમાં લાજ જતી રહેતી નથી. આપત કાળમાં હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી રાજાએ પણ નીચને ઘેર રહી ગુજારો કર્યો. એ વાત પ્રસિદ્ધ છે.

---

૫૬. જ્યાં લગી આંખમાં શરમ છે ત્યાં લગી સુધરી શકે છે.

એક વણીકપુત્ર કુછંદે ચડી વ્યભિચાર, ચોરી, જુગારવિગેરે નિંદિત કર્મો કરવા લાગ્યો. તે જોઇને તેના બાપના મનમાં ઘણો ખેદ થયો અને છોકરાની કાંઇ પણ સુધરવાની આશા તેને લાગી નહીં. એક વખત પેલો છોકરો કલાલની દુકાને બેઠો હતો તેવામાં ત્યાં થઇને તેના બાપને તેણે નીકળતો જોઇ છોકરો ઘણોજ શરમિંદો થઈ ગયો, અને આઘુંપાછું ખસાય તેટલી તક રહી નહીં. પાસે આડું ધરવા કાંઇ ન સુજવાથી એક પીંછું પોતાની પાસે પડયું હશે તે લઇ આંખ આડું ધરી રાખ્યું. આ વખતે તેનો બાપ કાંઇજ બોલ્યો નહીં, પરંતુ તેના મનને એટલી તો ખાત્રી થઈ કે આ છોકરાના દીલમાં હજુ શરમનો અંકુર છે અને તે દરમીયાન મહેનત કરવાથી જરૂર તે સુધરી શકશે, જો શરમ છુટી તો પછી સુધરવો કઠણ પડશે. એમ જાણી છોકરાને સુધારવા અનેક તરેહથી સુબોધ દેવા લાગ્યો અને તેમ કરતાં છોકરાનું દીલ સુધરતું ગયું અને તમામ કુટેવ છોડી દીધી. જ્યાં લગી લોકલજ્જા અને મોંશરમની અસર દીલપર રહી હોય ત્યાં લગી માણસ સુધરી શકે છે. લોકલજ્જા અને મોંશરમનો પડદો ખસી ગયા પછી સુધારવું કઠણ થાય છે.

---

૫૭. બોલીથી પરિક્ષા કરનારો સુરદાસ.

એક આંધળો માણસ એક નગરના રાજા તરફથી દરવાનની નોકરી બજાવતો હતો. આંધળા માણસમાં યાદદાસ્ત શકતી સારી હોય છે. આ માણસ આંધળો છતાં દરવાજે થઈ જતા આવતા

લોકની બોલી ઉપરથી પરીક્ષા કરી શકતો. એક વખત ત્યાં થઇ એક ખવાસ નીકળ્યો તેણે પેલા દરવાનનો કહ્યું કે, "કેમ છે આંધળા ખુસીમાં છે કે?" તેણે ઉત્તર આપ્યો કે, "ઠીક છે ખવાસડા." થોડી વાર થઈ ત્યાં એ નગરનો રાજા ત્યાં થઈ નીકળ્યો તેણે તેને કહ્યું કે, "સુરદાસજી રામ રામ." તે સાંભળી તે ઉભો થઇ અદબ બજાવી બોલ્યો કે, "રાજા સાહેબ, આપને દુવા દઉંછું,". રાજાએ આ સાંભળી તેને પૂછ્યું કે, "તમે કેવી રીતે મને ઓળખી શક્યા. સુરદાસજી કહે, ગરીબપરવર આપની જુબાન ઉપરથી મેં જાણ્યું કે આવા રૂડા સુખન જરૂર રાજા સાહેબનાજ મુખારવીંદમાંથી નીકળવા જોઇએ. હું દરેક માણુસની જાત ભાત તેની બોલી અને હીલચાલ ઉપરથી જાણી શકું છું. કહ્યું છે કે:—

દોહો.

કાગા કોયલ એક રંગ, બેઉ એકહી ડાર;
બોલતહીં પહીચાનીગે, વે કોયલ વે કાગ.

---

૫૮. શૂરાપૂરાની કથા.

એક માણુસ શૂરાપૂરા (પૂર્વજ)ને પગે પડી તેને વિનંતી કરવા લાગ્યો કે, હે શૂરાપૂરા મારૂં કલ્યાણુ કરજે, મને ધંધામાં બરકત દેજે; મારાં સ્ત્રી, પુત્ર પરીવારનું રક્ષણુ કરજે, અમો સહુને તારો આધાર છે. તે સાંભળીને શૂરોપૂરો બોલ્યો કે, હે ભાઇ! એટલો બધો અહેશાન મને શામાટે ચડાવો છો? જો મારામાંજ તમારૂં કલ્યાણુ કરવાની શક્તી હોય તો હુંજ શામાટે અવગતીઓ ફરૂં?

દોહો.

મુવલ કાંઉં મારશે, દલદર દાવલ પીર;
દાવલથી દેદા ભલા, જેને હાથે થ્યા પીર.

---

૫૯. સમય સદા બળવાન છે.

પરમાત્મા શ્રી કૃષ્ણ સ્વધામ ગયા પછી દ્વારકાંથી ગોપીઓને લઇને અરજુન વ્રજમાં જતા હતા ત્યાં રસ્તામાં કાબા મળ્યા તેમણે ગોપીઓને લૂટી લઇ અરજુનને કેદ કીધો.

જે અરજુને ભારથમાં અઢાર ક્ષોણી સૈનાને હણી નાખી, જે અરજુને કરણ, દ્રોણ, ભિષ્મ આદિ મહારથીઓનો રણસંગ્રામમાં પરાજય કર્યો અને જેના ગાંડીવ ધનુષ્યનો ટંકાર સાંભળી મોટા મોટા યોદ્ધાઓ પણ કંપાયમાન થતા તે અરજુનનો એક લુટારાની ટોળીએ પરાભવ કીધો અને તેના દેખતાં ગોપીકાઓને લૂટી લીધી. માટે સમય એજ બળવાન છે. સમય અનુકુળ હોય તો સર્વે સિદ્ધ થાય છે. પ્રતિકુળ વખત પણ સમયમાં અનુકુળ થાય છે. કહ્યું છે કેઃ—

દોહો.

સમય બડો બલવાન હે, નહીં પુરૂપ બલવાન;
કાબે લૂટી ગોપીકા, એ અરજુન એ બાણ.

---

૬૦. મજબુત બાંધો હીંમત ઉમેજ કરતો નથી.

ચોમાસાના દીવસમાં એક ચારણ પોઠીયા ઉપર માલ લાદી

બીજે ગામ વેચવા જતાં રસ્તામાં નદીમાં પૂર આવ્યું. પણ ચારણ શરીરે મસ્ત હોવાથી ચાટ (ગુણ) ખભા ઉપર નાખી પોઠીયાને દોરી નદીપાર ઉતરી પાછી ગુણને પોઠીયાપર લાદી ચાલવા માંડયું. ચાલતી વખત બોલ્યો કે, "ઓહો? જેવું મારામાં જોર છે તેવી હીંમત હોત તો ધાર્યું કામ થાત." આ વાત તેને લુંટવા સંતાઇ રહેલ લૂટારાઓએ સાંભળી અને જે પ્રથમ તેના શરીરના જોર ઉપરથી ડરી ગયા હતા, તેમણે ચારણના સુખન સાંભળી તેને પડકાર્યો કે, "ઉભો રહેજે" આ સાંભળી ચારણ માલ મુકીદઇ નાશી ગયો, તે પેલા લુટારાઓએ હાથ કરી લીધો. એટલામાં એક શરીરે સુકલકડી જેવો રજપુત આવ્યો તે નદી પૂરે આવેલી જોઇ પાણી ઉતરતાં લગી થોભી રહ્યો ને પાણીનું જોર નરમ પડયું એટલે રજપુત તરવાર કાઢી સામો થયો. આવી તેની હીંમત જોઇ ઉલટા લૂટારા જીવ લઇ નાશી છુટયા. હીંમત એજ આદમીની કીંમત છે. હીંમતથી એક આદમી પાંચને પૂરો પડે છે, હીંમતથી હાથી જેવા જનાવરને સીંહ તોબા પોકરાવે છે.

---

૬૨. બીજાના અવગુણ ગાનાર પોતાના દુર્ગુણનો વિચાર કરતો નથી.

એક વખત ઊંટ ને શીઆળને મેળાપ થયો. ઊંટ કહેવા લાગ્યો કે, આ વખતનાં પશુપક્ષી બધાં બેઢંગાં અને ઘાટ ઘોટ વગરનાં છે. બગલાની ડોક વાંકી છે, પોપટની ચાંચ વળી ગએલી છે, તેવીજ રીતે હાથીની સુંઢ વાંકી વળેલી છે, ભેંસનાં શીંગડાં પણ વાંકાં ત્રાંસાં છે અને વાઘના નહોર પણ વાંકાં દેખાય છે.

આ સાંભળી શિયાળથી ચુપ બેશી રહેવાયું નહીં. તે કહેવા લાગ્યું કે, હા, એ તો બધું ઠીક કહો છો; પણ આપનાં અઢારે અંગ વાંકાં છે તેનો કેમ વિચાર કરતા નથી. આ સાંભળી ઊંટભાઇ ચુપ થઇ ગયા, કાંઇજ ઉત્તર વાળી શકયા નહીં.

---

૬૨. તરજાનું ડબજાનું ઓર ઓસાન આયા.

એક રજપુત તથા મીયાંભાઇ કુવાપર નહાવા ગયા. રજપુતે મીયાંને પૂછયું કે, તમને તરતાં આવડે છે કે? મીયાં બોલ્યા, હા, મેં અછીરીતે તરી શકતા હું. રજપુત કહે, તો ઠીક. પછી બંને જણ કુવામાં નહાવા ઉતર્યા પણ મીયાંભાઇને તરવું યાદ ન આવવાથી તરપડીઆં મારવા લાગ્યા; ને ડુબવાની તૈયારીમાં હતા એટલામાં રજપુતે બાંવડે ઝાલી કાંઠાભણી ખેંચી લીધો ને શુદ્ધિમાં આવ્યા કેડે કહ્યું કે, કેમ મીયાં સાહેબ તમે કહેતા હતા કે હું તરી જાણું છું ને આ શું થયું? મીયાં કહે, "અલબત મેં તરી તો જાનતા હું લેકીન મેરેકુ ઓ બાતકા ખ્યાલ ન રહા." વાહ! મીયાંભાઇની અકલને આફ્રીન છે!

ગર્થ ગાંઠે વિદ્યા પાઠે. એ કહેવત મુજબ જે જ્ઞાન કિંવા શીલસુરી સમય પડે કામ ન આવે તે નિરૂપયોગી જાણવી.

---

૬૩. આવરે મારા રઢીયાળા વર, તું સોળુ મારે સોલમું ઘર.

અગણોતરા જેવા કાળમાં પેટનું પુરૂં ન થવાથી એક કાળીએ પોતાની બાઇડીને તજી દીધી, તેથી તેણે બીજાનું ઘર માંડયું. અને

ત્યાં પણ ન પોસાવાથી ત્રીજાને ત્યાં રહી. એમ જૂદે જૂદે પંદર સોળ ઠેકાણે રહી. કેટલેક દીવસે તેનો મૂળ ધણી તેને ભેગો થયો. તેણે કહ્યું કે તું મારી ઓરત છે માટે ઘેર ચાલ. ત્યારે પેલી સ્ત્રીએ કહ્યું, **"આવરે મારા રઠીયાળા વર, તું સોતુ મારે સોળમું ઘર."** મતલબ કે તેં તજી દીધા પછી જૂદા જૂદા સોળ ધણીના ઘરમાં રહી છું માટે હવે મારે તારો ખપ નથી.

---

૬૪. મેરા ગુરૂકા ધર્મ છોડ દઉં?

એક નગ્ન બાબીને કોઇએક વેરાગણ સાથે સમાગમ થયો, અને જંગલ છોડી ગામમાં રહેવા લાગ્યો. છૈયાંછોકરાં થયાં પણ પેલો બાવો એક લંગોટભેર રહે, અને લૂગડાંલત્તાં પહેરે નહીં. તે જોઇ પેલી વેરાગણની બહેનપણીઓ તેને કહેવા લાગી કે, વસ્તીમાં રહેવું ને બાવાજી લૂગડાં ન પહેરે એ ઠીક નહીં. માટે તું સમજાવી લૂગડાં પહેરે તેમ કર. આ સાંભળી વેરાગણે બાવાજીને લૂગડાં પહેરવાનો ઉપદેશ કરવા માંડયો. ત્યારે તે બોલ્યો કે, "ચલ બે રંડી તેરે લીએ મેરા ગુરૂકા ધર્મ છોડ દઉં? મેરે કુછ તેરી ઓર વસ્તીકી પરવા નહીં હે."

---

૬૫. કુવાડજીભો.

પાદશાહે નવો ઉમદા મેહેલ બનાવવાથી ગામોગામથી અમીર ઉમરાવ જોવા ગયા. એક પ્રગણાનો પટેલીઓ પણ મેહેલ જોવાને બહાને ગયો અને તે મેહેલ જોઇ કચેરીમાં આવી બાદશાહને તાજમ ભરી નીચે બેઠો. બાદશાહે પૂછ્યું કે, "ક્યું પટેલ

મેહેલ દેખ્યા, કુછ ખામી નજર આતી હયે?" પટેલ કહે, પાદશાહ સાહેબ મેહેલ તો ઠીક થયો છે પણ મને એટલી ખામી જણાયછે કે, "આ મહેલમાં આપનો કાળ થાય તો જનાજે નીકળે તેટલો દાદરો પોહોળો રાખ્યો નથી." આ સાંભળી પાદશાહને ઘણોજ ગુસ્સો ચડયો અને તેને ધિક્કારી કાઢયો.

---

૬૬. કણ કીડી હાથીને હારો, પુરણહાર વીશ્વંભર મારો.

શ્રી લક્ષ્મીજીએ એક વખત ભગવાનને પૂછયું કે, મહારાજ, તમો અનંતકોટી બ્રહ્માંડના પતી છો અને તમારૂં વિશ્વંભર એવું નામ ગણાય છે તો તમે સર્વનું પોષણ કરોછો કે તેમાંથી વખતે ચૂકી પણ જાઓછો? ભગવાને ઉત્તર આપ્યો કે, હે લક્ષ્મીજી, તમામનું ભરણપોષણ મારે કરવુંજ પડે છે કોઇને પણ વિસારી મુકતો નથી.

તોપણ શ્રી લક્ષ્મીજીને પતિજ ન આવવાથી એક દાબડીમાં કીડીને પુરી ઢાંકણું બંધ કરી તે દાબડી પોતાની કને જાપતાથી રાખી, પણ દાબડીનું ઢાંકણું બંધ કરતી વખતે પોતાને લલાટે ચોડેલ અક્ષતનો એક દાણો દાબડીમાં પડી ગયાની પોતાને ગમ રહી નહીં. બીજે દીવસે તેજ બાબતમાં લક્ષ્મીજીએ ભગવાનને પ્રશ્ન પૂછયો કે, મહારાજા જો તમે બધાનું ભરણપોષણ કરો છો તો આ દાબડીમાં મેં કીડીને ગુપ્ત રાખી છે તેનું કેમ પોષણ કરવું ભૂલી ગયા? ભગવાને જવાબ દીધો કે, તેનું પણ પોષણ થયું હશે; માટે તમે ખાત્રી કરો. એટલે લક્ષ્મીજીએ દાબડીનું ઢાંકણું ખોલી જોયું તો અંદર મજેથી કીડી ચોખાનો અડધો દાણો ખાઇ અ-

મન ચમન કરતી દીઠી. આ જોઇ લક્ષ્મીજી વિસ્મિત થયાં કે આ કીડીને ચોખાનો કણુ શીરીતે પ્રાપ્ત થયો હશે. ભગવાને લક્ષ્મીજીના સંદેહનું નિવારણુ કર્યું કે, જે વખત તમે કીડીને અંદર પુરી ઢાંકણું બંધ કીધું તે પેહેલાં તમારા કપાળે ચોડેલા ચોખાનો એક દાણો દાબડીમાં પડી જવાની તમને ખબર ન રહી પણુ તે વડે આ કીડીનું પોષણુ થયું. લક્ષ્મીજીને આથી ખાત્રી થઇ કે "કીડીને કણુ હાથીને હારો, પુરણુહાર વિશ્વંભર મારો."

---

૬૭. સાવજ ભક્ત અને વાંદરાની કથા.

એક સીંહ પગે લંગડો થવાથી ઉદરપોષણુની આપદા પડવા લાગી; આથી કરી ભક્તનો વેશ ધારણુ કરી મોઢે રામરામ એવો ઉચ્ચાર કરવા લાગ્યો અને રસ્તે ચાલતાં કીડી મકોડી પગ તળે ચંપાઇ ન જાય માટે ફુંકી ફુંકી પગ ભરતો. તેનાં આવાં આચરણુથી ભોળવાઇ કેટલાંક જાનવર તેને પગે પડવા જાય એટલે તુરત પંજામાં લઇ ભક્ષ કરી જતો. એક વખત મોઢે રામ રામ ઉચ્ચાર કરતો અને રસ્તામાં ફુંકી ફુંકી પગ ભરતો તથા શીળો સ્વભાવ રાખી ચાલ્યો જતો એક વાંદરાએ તેને દીઠો અને તેના વેશ ઉપરથી તેને મહા ભક્તરાજ જાણી ઝાડેથી હેઠે ઉતરી પગે લાગવા ગયો. એટલામાં સીંહે ઝડપ લઇ મોંમાં પકડી લીધો એટલે વાંદરો ખડખડ હસવા મંડી ગયો. આ જોઇ સીંહે તેને પૂછ્યું કે, તું કાળના ફંદામાં પડ્યા છતાં તને હસવું આવે છે તેનું કારણુ શું? વાંદરો કહે એ કારણુ કહેવાય તેવું નથી પણુ સીંહે ઘણોજ આગ્રહ કરવાથી અને છેવટ માફીની લાલચ આપી પૂછવાથી વાંદરે કહ્યું કે, જો તમારે ખરેખરૂં કારણુ જાણવું હોય

તો મને જરા પોચો દાબો એટલે કહી બતાવું. સીંહે જરા મોઢું પોહોળું કરી વાંદરાને દબાણથી ઢીલો કર્યો કે વાંદરો પોતાની ચંચળાઇથી છલંગ મારી પાછો ઝાડ ઉપર ચડી રડવા લાગ્યો. તે જોઇ સીંહે પૂછ્યું કે હવે તારે રડવાનું કારણ રહ્યું નથી. રડવાનું હતું ત્યારે તું હસતો હતો ને હવે ઉગર્યા કેડે રડવાનું કારણ જણાતું નથી. વાંદરો કહે ભાઇ હું મારા દુખને રોતો નથી પણ બીજાના દુખને રોઉંછું જે તારા જેવા ભક્તીનો ડોળ પરાવી દુનીયાને ઠગશે અને પછી તેના પંજામાંથી છટકી જવું મુશ્કેલ પડશે.

---

૬૮. આપ તેવો જગ.

ચોર, શાહુકાર, વ્યભીચારી અને જુઠો એ રીતે ચાર દોસ્તો ધંધા માટે દેશાવર જવા નીકળ્યા અને એક નગરને પાદર રાતવાસો રહી તે નગરમાં ધંધો પોસાય તેવું છે કે કેમ તેની તજવીજ કરવા નીસર્યા. પેહેલાં ચોર નગરમાં ગયો અને ફરીફરી તજવીજ કરી તો બધા ચોર નજરે પડ્યા. તેણે આવી બીજાને વાત કરી કે અહીં તો બધા ચોર વસે છે. એ રીતે જુઠો અને વ્યભિચારી તજવીજ કરવા જતાં તેમણે આવી જાહેર કર્યું કે આ નગરમાં જુઠા અને રંડીબાજનો વાસ છે. છેવટ શાહુકાર તજવીજ કરવા ગયો તેને મોટા મોટા વેહેવારીઆ સાહુકાર અને ધર્મ નીતિથી વર્તનારા એવા ગુણવાન માણસ જોવામાં આવવાથી બીજા ત્રણની વાત ખોટી કહી આ નગરમાં રહેવા આગ્રહ કર્યો પણ પેલા ત્રણ જણાને તે રૂચતું ન આવ્યું; જેથી તેને છોડી ચાલ્યા

ગયા. આપ તેવો જગ. જેની આંખમાં કમળો તે સામાની આંખમાં પણ પીળું દેખે છે.

---

૬૯. ઘરનો રોટલો બહાર ખાવો છે.

એક ગામનો વાણીઓ ઘણોજ કંજુસ હોવાથી ઘેર મેમાન પરોણો આવે તેને ભૂલેચૂકે પણ જમવાનું કહે નહીં અને તેથી પોતાને ગામડે ગોઠડે ઉઘરાણીએ પાઘરાણીએ જવું પડે ત્યારે ઢેબરાં સાથે બાંધી જવાં પડતાં અને સાંજે ઘેર આવે ત્યારે વાળુ ભેળો થતો. કોઇ બોટી પણ તાણુ કરે નહીં. તે વાણીઆનો દીકરો ઉપર લાયક થતાં પરણાવ્યો અને વહુ સારા ઠેકાણાની મળી. ઘેર મેમાન પરોણો આવે તેની આગતા સ્વાગતા કરે અને ટાણાસર જમ્યા વગર ભાગ્યેજ જવા દે. આ જોઇ વાણીઆની ગૃહસ્થાઇ અને વિવેકનાં વખાણ થવા માંડ્યાં. એક વખત પોતાને ગામ જવાનું થતાં વહુને કહ્યું કે, મારે આખા દીવસની રોકાત છે માટે ઢેબરાં ખડીયામાં નાખજો. વહુ કહે, હવે તમારે ઢેબરાં લઇ જવાની જરૂર નથી. ઢેબરાં આગળ તૈયાર છે. વહુનું આ માર્મિક વાક્ય સસરાના સમજવામાં બરાબર આવ્યું નહીં અને તેથી ઢેબરાં બાંધી જવા સૂચના કરવાથી વહુએ ચાર પાંચ ઢેબરાં કરી ખડીયામાં નાખ્યાં એટલે શેઠ જે ગામ જવાનું હતું ત્યાં ગયા. એટલામાં ઘણા ઓળખીતા પારખીતા આવી મળ્યા અને આગ્રહ કરી શેઠને જમવા તેડી ગયા. સાંજે ઘર તરફ વળવાનું કરતાં આવવા દીધા નહીં. બીજે દિવસે જે કામ કરવાનું હતું તે કરી ઘેર આવ્યા અને વહુને બાંધેલ ઢેબરાં પાછાં આપ્યાં. વહુએ પૂછ્યું

કે ઢેબરાં લઇ ગયા હતા તેટલાં પાછાં કેમ લાવ્યા? શેઠ કહે, ત્યાં તો અનેક જણાનાં નોતરાં આવવાથી ઢેબરાં વર્યાં નહીં. અને ત્યારપછી જેજે ગામ જાય ત્યાં ઢેબરાં સાથે ન લઈ જાય તોપણ અછોઅછો વાનાં શેઠનાં થવા લાગ્યાં. આ જોઇ શેઠને પણ ખાત્રી થઇ કે વહુ કહેતી હતી તે ખરૂં, ઘરનો રોટલો બહાર ખાવો છે.

---

૭૦. નાત એ જગત અથવા નાતે મરવું ને નાતે તરવું.

એક વખત બધાં પક્ષીઓએ પોતાની જ્ઞાતીને નોતરી મેલાવડો કર્યો અને તેમાં ગરૂડને પણ આમંત્રણ મોકલ્યું. ગરૂડ કહે, હું શ્રી ભગવાનનું વાહન, અને મને દેવતા, માનવી અને સર્વ કોઇ જાણે, તે છતાં હું તમારી ટોળીમાં ભળું તો મારી પ્રતિષ્ઠા ઘટે; માટે હું નહીં આવું. ગરૂડજીનાં આવાં વચન સાંભળી સહુ નાતીલાએ મળી તેમને પંક્તિ બહાર મૂક્યો. આ વાત ભગવાનના જાણવામાં આવવાથી તેમને પણ ગરૂડજી ઉપર ગુસ્સો થયો. એક વખત ગરૂડજી શ્રી પરમાત્માને દરશને જતાં ભગવાન તેમના વિમુખ થઇ બેઠા. ગરૂડજી આગળ ગયા તો વળી ત્યાંથી મોઢું ફેરવી બેઠા, આ જોઇ ગરૂડજીએ આજીજી કરી કે, હે દીનદયાળ, ભક્તવત્સળ, મારો શો અપ્રાધ છે કે આપ વિમુખ થયા છો? ભગવાન કહે, હે ગરૂડજી તમોને તમારી જ્ઞાતીવાળાએ પંક્તિ બહાર મુકયા છે માટે તમારૂં મુખાર્વિંદ જોવામાં પ્રાયશ્ચિત લાગે છે. માટે તમે તેમની કને જઇ ક્ષમા માગો. આ સાંભળી ગરૂડજીએ તત્કાળ પોતાના જ્ઞાતીમંડળ આગળ હાજર થઇ માફ માગી, ત્યારે સર્વ પક્ષીઓએ તેનો અપ્રાધ ક્ષમા કર્યો.

સમૃદ્ધિ કે અમલથી છકેલાઓ સ્વજાતિ તરફ અભાવ બતાવે છે તેવાઓને ગરૂડજીનું દ્રષ્ટાંત ધડો લેવા જેવું છે.

---

૭૧. આત્મા અંતર્યામી છે.

એક ડોસી પરગામ જતી હતી તેવામાં રસ્તે જતાં એક ઊંટ-વાળાનો મેળાપ થયો. પોતાની કનેનું ભારનું પોટકું બે ઘડી ઊંટપર લેવા ડોશીએ ઊંટવાળાને આજીજી કરી, પણ તેણે તેમ કરવાની ના કહી. જરા આગળ ચાલ્યા પછી વિચાર કર્યો કે, ભૂલ કરી. ડોશી વયે વૃદ્ધ છે અને પોટકામાં કાંઈ કીંમતી ચીજ હોત તો મારૂં કામ થાત. એમ વિચારી પાછો ફરી ડોશીને કહેવા લાગ્યો કે, ડોસીમા! લાવો તમારૂં પોટકું, તમે થાકી ગયાં જણાઓ છો; મેં તમને ના કહી એ મારી મૂર્ખાઈ થઇ. ડોસી કહે, ના ભા, હવે નથી આપવું. જે વિચાર તને સૂઝયો છે, તેવોજ મને પણ ઊપજ્યો છે. અજાણ્યાના હાથમાં પોટકી આપી વળતી મારે રડવાનો વખત આવે એમ કરવા હું માગતી નથી.

---

૭૨ ઠગને ઠગનાર છોકરો.

એક છોકરો એક ગામથી બીજે ગામ જતો હતો, તે થાકી જવાથી રસ્તામાં એક કુવાને કાંઠે ઝાડની છાંય જોઇ આરામ કરવા બેઠો. તેવામાં એક ઠગ નજરે ચડયો. તેને આવતો જોઇ છોકરો રડવા લાગ્યો. ઠગે નજીક આવી તેને રડવાનું કારણ પૂછતાં છોકરો બોલ્યો કે, હું ફલાણા શહેરના શેઠનો નોકર છું. શેઠનો રૂપાનો લોટો મારી કને હતો તે આ કુવામાં સીંચતાં પડી

ગયો. શેઠ પણ હમણાં પાછળ આવનાર છે, હવે હું શો જવાબ દઇશ? આ સાંભળી ઠગ ધીરજ દઇ પોતાનાં કપડાં છોકરાને સોંપી કુવામાં ઉતર્યો એટલે છોકરે પોતાનાં તથા ઠગનાં કપડાં હાથ કરી રસ્તો પકડયો. પેલા ઠગે ઘણી વાર પાણીમાં ડુબકી મારી જોઇ પણ લોટો હાથ ન આવ્યાથી બહાર નીકળી જોયું તો છોકરો કે લૂગડાં કાંઇ મળે નહી'. દુનીઆમાં ઠગને પણ ઠગનાર મળી આવે છે.

---

૭૩. ત્રપિંડીના ત્રણ ને એક ગધેડીનો.

ગધેડી માંદી પડવાથી એક કુંભારે ત્રપિંડી માની. ગધેડી સાજી થવાથી કુંભારે ત્રપિંડી કરવા નિશ્ચે કર્યો. પોતાને નજીકના ગામમાં જવાનું થતાં કુંભારણને કહેતો ગયો કે, મેં ત્રપિંડી માની છે, માટે બ્રાહ્મણને બોલાવી તું ત્રપિંડી કરજે, આજ કેમ કે હું સાંજે જરા મોડો આવીશ. પછી પેલી કુંભારણે ગામમાંથી ત્રણ બ્રાહ્મણને બોલાવી નોતરૂં દીધું. પણ મનમાં પાછો વિચાર કીધો કે, આ તો મેં ત્રપિંડીના ત્રણ બ્રાહ્મણ નોતર્યા પણ ગધેડીના નિમિત્તનો એક બ્રાહ્મણ જોઇએ તે નથી, માટે ત્રપિંડી અધુરી ગણાય. એમ વિચારી એક ચોથા બ્રાહ્મણને પણ નોતરૂ દઇ આવી. એટલે તે પણ આવ્યો. રસોઇપાણી તૈયાર થઈ બ્રાહ્મણ જમવા બેઠા અને સાંજ પડી એટલે કુંભાર પણ ઘેર આવ્યો. તે કુંભારણને કહેવા લાગ્યો કે, ત્રપિંડીના ત્રણ બ્રાહ્મણ હોય ને તેં ચાર કેમ નોતર્યા? કુંભારણ કહે' ત્રણ ત્રપિંડીના ને આ એક ગધેડીનો મળી ચાર નોતર્યા છે. પેલો બ્રાહ્મણ ઝંખવાણો પડયો અને કુંભાર તેની મૂર્ખાઇ પર હસવા લાગ્યો.

---

૭૪. શક્તિ વિચારી વર્તવા વિષે.

રાવણે સીતાજીનું હરણ કરવાથી, શ્રી રામચંદ્રજીએ વાંદર, રીંછ વિગેરેની સેના એકઠી કરી લંકા ઉપર ચડાઇ કરી. આગળ ચાલતાં એક તળાવને કિનારે બગલો તથા બગલી રહેતાં હતાં. સેનાને આવતી જોઇ બગલો બગલીને કહેવા લાગ્યો કે, આવું ટાણું ફરી ફરીને આવશે નહીં માટે આપણે સેના સહીત શ્રી રામચંદ્રજીને નિમંત્રણ દઇએ. બગલી કહે, સ્વામીનાથ! એટલું આપણું ગજું નથી, એટલી આપણી ગુંજાશ નથી કે આ અગણિત સેનાનું આપણાથી પુરૂં પડી શકે. માટે તે વાત જવાદો; પણ બગલાની હઠ જોઇ આખર બગલીએ તે વાત કબુલ કરી. એટલે બગલો સેના ચાલી જતી હતી તેની આડો જઇ સૂતો. ઉઠાડવાનું કરતાં ઉત્તર આપ્યો કે, મને રામચંદ્રજી આગળ લઇ જાઓ તેમની આગળ મારે જે જાહેર કરવાનું છે તે કરીશ. આ વૃત્તાંત સાંભળી નલ, નીલ આદિ સુભટો તેને શ્રી રામચંદ્રજી આગળ લઇ ગયા. ત્યાં બગલે ચર્ણારવિંદમાં મુસ્તક નમાવી અરજ કરી કે, સેના સહીત આજ મારે તહાં મીજબાની સ્વિકારવા મારી વિનંતી છે. રામચંદ્રજી કહે, વળતી વખત અમે તમારી અરજ કબુલ રાખશું. આ સાંભળી બગલો ઘણોજ ખુશ થયો અને પોતાને મુકામે જઇ બગલીને ખુશીની ખબર કહી અને આમંત્રણની સામગ્રી માટે ફળફળાદિ એકઠાં કરવા માંડ્યાં. તેવામાં એક લીલું શ્રીફળ ચાંચ વડે તોડવા જતાં ચાંચ અંદર પેશી ગઇ તે કેમે કરી નીસરે નહીં બગલીએ ચાંચ કાઢવા ઘણી મેહેનત કરી; બગલાનાં પીંછાં ખેંચે પણ ચાંચ નીકળે નહીં. એવામાં રાવણનો પરાજય કરી સીતાજીને વાળી રામચંદ્રજી તહાંજ થઇ નીકળ્યા અને

બગલાનું નોંતરૂં યાદ આવી તેની ખબર કઢાવી તો ઉપર લખી વસે જાણવામાં આવતાં જાતે તે જગ્યાએ જઇ ચાંચ બહાર કઢાવી. બગલે પગે લાગી વીતક કહી બતાવ્યું. પરમાત્મા ખુશી થયા ને તેનો ઓદ્ધાર કીધો.

---

૭૫. ડોશીને ઊંટવાળો.

એક ઊંટ ઉપર બેશી બે જણા ગામ જતા હતા. તેજ ગામ જવા એક ડોશી પણ નીકળી. ઊંટવાળા ઊતાવળે ચાલી વળી હેઠે ઊતરી હુકો પાણી ભરે એટલામાં ડોશી હળવે હળવે ચાલી તેના ભેળી થાય. ઊંટવાળા વળી આઘા ચાલી આરામ લેવા ખોટી થાય એટલામાં ડોશી તેના ભેળી થઇ જાય. એમ કરતાં જે ગામ જવાનું હતું તે ગામને પાદર ઊંટવાળા પહોંચ્યા. ત્યાં ડોશી પણ તેમના ભેળી થઇ ગઇ. એટલે ડોશીને સાંઢીયાવાળા ભેળાને ભેળા જઇ પહોંચ્યા. ધીમું પણ નિયમસર કરનારનું કામ ઉતાવળા પણ અનિયમીત કામ કરનારના કરતાં સરસ થાય છે. એમ ઉપરના દ્રષ્ટાંતથી ધડો મળે છે.

---

૭૬. સોબતે અસર અને તુખમે તાશીર.

એક નગરની રાણીને કદરૂપો કુંવર અવતરવાથી એક પીંજારણને તેજ દીવસે અવતરેલા સ્વરૂપવાન છોકરા સાથે બદલો કરી લીધો ને તે બાબતની વધાઇ રાજાને મોકલી સજા. ઘણો ખુશી થયો. કુંવર મોટો થયો ત્યારે ગામના છોકરાને ભેગા કરી પીંજારાનો વેશ કાઢે ને પીંજણ માંડી રૂ સાફ કરવાનો ડોળ ધારણ કરે. અહીં પીંજારાને ત્યાં રાજાનો કુંવર ઉમર લાયક થયો તે

છોકરાઓને ભેગા કરી સૈના રચે, ધુળના કોટ કિલ્લા ઉભા કરી તે ઉપર લાકડીની તોપો વડે હલ્લો કરી તોડી પાડે. એક વખત તે ગામના રાજાની સ્વારી જતી હતી ત્યાં રસ્તામાં છોકરા ભેગા કરી પેલા પીંજારાના છોકરાએ નગર વસાવી પોતે એક સીંહાસન જેવું કરી તે ઉપર બેઠો હતો. રાજાને આવતો જોઇ કચેરીમાંથી બે ચાર છોકરાને હુકમ કીધો કે સ્વારી નગર પસાર કરી ન શકે એમ બંદોબસ્ત કરો. તે સાંભળી પેલા છોકરા સ્વારીની આડે આવી ઉભા રહ્યા ને કહ્યું કે, અમારા નગરથી દૂર રહી ચાલવું એવો અમારા રાજાનો હુકમ છે. આ વાત રાજાને કાને ગઇ તે-પરથી તજવીજ કરતાં જણાયું કે. પીંજારાના છોકરાએ કૃત્રિમ નગર વસાવી વજીર, ચોપદાર, સેના, રયાસત વિગેરેનો દેખાવ કરી પોતે સિંહાસન જેવું કરી સભા ભરી બેઠો છે. આ જોઇ રાજા વિસ્મય થયો. આગળ ચાલતાં પોતાના છોકરાને બીજા ગામના કેટલાક છોકરાઓ સાથે દીઠો. તેઓ એક જગાએ એકઠા મળી નાનાં નાનાં લાકડાંની પીંજણો જેવું કરી તેને સુતરની દોરી બાંધી એક ધોકલા વડે "ઢેં ઢૂં, ઢેં ઢૂં" એવા શબ્દો ઉચારતા જોયા. આથી રાજાના અચંબાનો પાર રહ્યો નહીં અને આવો વિચિત્ર વર્તાવ હોવાનું કાંઇ કારણ હોવું જોઇએ એવો ખ્યાલ ઉપજવાથી તે પીંજારાના છોકરાના બાપને બોલાવી જરા ધમકી આપી ખરી હકીકત જાહેર કરવાનું કહેતાં તેણે બદલાની વાત જાહેર કરી તે ઉપરથી ખુદ રાણીને બોલાવી. તેણે પણ કુંવર વિ-ષેની વાત પૂછતાં પીંજારાના છોકરા સાથે બદલો થયાનું માની લીધું. આથી રાજાએ પોતાના કુંવરને પીંજારાને ઘેરથી ધામધુમથી બોલાવી મંગાવી ગાદી સોંપી અને પીંજારાનો છોકરો તેનાં મા-બાપને સોંપ્યો.

૭૭. પાપ છાનું રહેતું નથી.

બે ચારણ પરદેશ વેપાર અરથે ગયા. ત્યાં ધન કમાઇ ઘર તરફ આવતાં એક ઘણીજ ચોખ્ખી જગા આવી ત્યાં જરા વિશ્રામ લેવા બેઠા. તેવામાં એક જણની બુદ્ધિ બગડી. તેણે લાગ જોઇ પોતાની કનેની તલવારથી બીજાનું ગળું કાપવા માંડ્યું. પેલાએ ઘણા કાલાવાલા કર્યા ને કહ્યું કે, હે મુરખ જવાદે, પાપનાં બડબડીઆં બોલશે ને કરેલ કૃત્ય છાનું રહેશે નહીં. પણ પેલાએ માન્યું નહીં ને તેને મારીને બધું ધન લઇ ઘેર આવ્યો. બીજો સાથે આવેલ તેની ખબર અંતર તેની બાઇડી છોકરાંએ પૂછતાં હજુ કમાવા રોકાવાનું કહ્યું. જે લાલચ ઉપરથી તેઓ રહ્યાં. ચોમાસાના દીવસમાં ચારણ ને તેની સ્ત્રી બેઠાં હતાં, ઝીણો ઝીણો વરસાદ આવતો હતો. ફળીયામાં પાણી ભરાયું, તેમાં અધરથી જે વરસાદનાં ફોરાં પડતાં તેણે કરી પાણીમાં બડબડીયાં થવા લાગ્યાં. તે જોઇ ચારણને હસવું આવ્યું. ચારણીએ તેનુ કારણ પૂછતાં પેલાએ છુપાવવાનું કરવા માંડયું; પણ સ્ત્રીહઠ આગળ કાંઇ કામ ન આવવાથી ખરી હકીકત માનવી પડી કે મારી સાથે જે ચારણ હતો તેને મેં મારી ધન લેવા માંડયું તે વખતે તે કહેતો હતો કે, બડબડીઆં બોલશે. પણ તેતો કાંઇ બોલતાં નથી. તેપરથી મને હસવું આવ્યું. ચારણાણીએ આ વાત સાંભળી પડોશીને કહી ત્યાંથી ચણપણુતી ચણપણુતી મરનારનાં સગાંવાલાંને કાને ગઇ. તેમણે દરબારમાં જાહેર કર્યું. એટલે પેલા ચારણને દરબારે પકડી મંગાવી તજવીજ કરી તો પેલા ચારણને મારનાર તેજ છે એમ માલુમ પડ્યું. જેથી તેનાં ઘરબાર લુટી મરનારનારનાં બાઇડી છોકરાંને સર્વ આપી દઇ ખુનીને દેહાંત શિક્ષા કીધી.

૭૮. મફતની મજાહ.

એક પાતર કોઇ શહેરમાં જઇ ચડી. ત્યાં કેટલાક ફુલ ફટાકીઆ જેવા વસતા હતા તેની પાસે જઈ નૃત્ય ગાયન કીધું, પણ કોઇએ એક પાઇ સરખી પણ આપી નહીં. ઊઠતી વખત સહુ “વાહ વાહ! ભારે ગમત થઇ.” એમ બોલી ચાલ્યા ગયા. પાતરે બીજે દીવસ તે સહુને પોતાને ઊતારે ચા નાસ્તાનું નિમંત્રણ આપી બોલાવ્યા. સહુના મોંડા આગળ ઠાલા રકાબી પ્યાલા મૂકી દીધા. પછી પોતે દરેક જણના મોંડા આગળ પીરસવાનો ડોળ કરી નીકળતી વખત બોલવા લાગી કે, “વાહવાહ.” બધા જોઇ રહ્યા કે આ શું કરે છે. જ્યારે કોઇ ન સમજ્યા ત્યારે ગુણકાએ કહ્યું કે, જેવી કાલે તમોને ગાયન વખતે વાહવાહની ગમ્મત થઇ તેવીજ આજની ગમ્મત પણ પસંદ પડી હશે—બધા ઝંખવાણા પડી ચાલ્યા ગયા, અને કોઇએ કાંત્તર વાળ્યો નહીં.

---

૭૯. નશીબ બે ડગલાં આગળનું આગળ.

એક દિલ્હીનો પાદશાહ રાજપાટ છોડી તપસ્યા અરથે વાનપ્રસ્થ ધારણ કરી તપ કરવા બેઠો. તેને ત્યાં રોજ ચાર ફીરસ્તા આવી બત્રીસ પ્રકારનાં ભોજનનો થાળ રજુ કરી જતા. તે જોઇ એક કઠીઆરો પણ તેની નજીક આવી તપ કરવા બેઠો; તેને પણ રોજ રોટલો ને ડુંગળીની બે ગાંઠો ફીરસ્તા આપી જતા. તે જોઇ એક દીવસ પેલા ફીરસ્તાને કઠીઆરો કહેવા લાગ્યો કે, પેલાને રોજ અમૃત ભોજન આપી જાઓ છો ને મને ડુંગળી ને રોટલો આપી જવાનું કારણ શું? ફીરસ્તા કહે, તે તો દિલ્હી જેવું

રાજ્ય ત્યાગ કરી બેઠો છે, ને તેં તો ફક્ત બંધીયો ને કુવાડો મુકી તપ આદરેલું છે, અને તે દશામાં તને સુકો ખુરમો પણ મળવો મુસ્કેલ થતો તેને ઠેકાણે બેઠાં બેઠાં રોટલો મળે છે તેમાં શું ખોટું છે?

૮૦. અરધાને મેલી આખાને દોડવું નહીં.

કાઠીઆવાડનો જે ભાગ ઉડણુાને નામે ઓળખાય છે ત્યાં એક હોલો રહેતો હતો. ઉડણુા એ એક ઉજડ જંગલ હતું; ને તેમાં ઝાડપીડનું નામ નહીં અને પાણી પણ ભાગ્યેજ મળે. પેલો હોલો એક વખત ઉડતો ઉડતો ગુજરાતમાં જઇ ચડયો. ત્યાંની વનસ્પતી—આંબા, રાયણ વિગેરે જોઈ ખુશી થયો. અહીંનાં હવા પાણી અને ચારો માફક આવવાથી ત્યાં કેટલીક મુદત રહ્યો. એક દીવસ એક કોયલની સાથે તેને મિલાપ થયો. કોયલે તેને પૂછયું કે, તમારે કયાં રહેવું, ને તમારો દેશ કેવો રસાળ છે? ત્યારે હોલે કોયલના મોંઢા આગળ પોતાના વતનનાં ખોટાં વખાણ કરવાથી કોયલે કોઇ વખત હોલાને તેનો મુલક બતાવવા વિનંતી કરી. પછી કેટલીક મુદતે હોલો પોતાને વતન જવા નીકળ્યો ત્યારે પેલી કોયલને પણ સાથે આવવા કહ્યું. તે ઉપરથી કોયલ પણ તેની સાથે નીકળી. કેટલીક મુદતે ઉડતાં ઉડતાં તેઓ ઉડણુાના ઉજડ જંગલમાં આવી પહોંચ્યાં. ત્યારે કોયલ બોલી કે, હોલાભાઇ ઘણા દીવસ થયાં મારે અપવાસ થાય છે પણ હજુ તમારો મુલક આવ્યો નહીં; હજુ કેટલે દૂર છે? હોલો કહે, જુઓની, આ જ મારો મુલક; અહીંનાં સુકાં ઝાડ, ખુલ્લી હવા ને એકાંત વાસથી તમારે મન બીજો કયો મુલક ઉત્તમ જણાય છે? કોયલ

કહે, હોલાભાઇ, એ તમારે મન ઉત્તમ હશે, મારે પોસાય નહીં. એમ કહી ઉઠી નીકળી તે માંડ મરતી જીવતી ગુજરાત ભેગી થઇ.

૮૧. બડા સચ્ચાની કથા.

એક કસ્બામાં મનુભાઇ કરીને એક મીયાંભાઈ રહેતા હતા. કોઇ મુશ્કેલી ભરેલું કામ આવે ત્યારે સહુ કુટુંબી મળી મનુભાઇની સલાહ લેવા જતા. એક વખત તેમના કુટુંબના એક અટકચાળા છોકરાનું માથું છાશ કરવાની ગોળીમાં ભરાઇ બેઠું તે કેમે નીકળે નહીં. તેવામાં કોઇએ કહ્યું કે, સચ્ચા મનુભાઇને બોલાવો તે કાંઇ યુક્તિ બતાવશે. એ સાંભળી એક જણ મનુભાઇને તેડી લાવ્યો. મનુભાઇએ આવીને જોયું તો માથું ગોળીમાં ભરાએલું દીઠું. એટલે એક જુવાનીઓ સજાવેલી તરવાર સહીત ઉભો હતો તેને કહ્યું કે, "ઇસકા ગલા તલવારસે ઉડાઇ દો, ફીર શીર નિકલ જાયગા." તેમ કરવાથી પણ માથું તો બહાર નીકળ્યું નહીં. એટલે મનુજી બોલ્યા કે "અબ ઇસ ગોળીકા કાંઠા તોડ ડાલો," તેમ કરવાથી શીર બહાર નીકળ્યું. આ જોઇ સહુ સચ્ચાની મૂર્ખાઇ જાહેર કરવા મંડ્યા કે, "જો મતિ પીછુ સુજી સો આગુ સુજી હોત તો અચ્છા હોતા," ત્યારે મનુજી બોલ્યા કે, "જદ તુમારી અક્કલ ચલતી તો મુઝે કાયકું પુછયા," જો હુવાસો હુવા પણ શીરતો નીકળ્યા.

૮૨. કાજીની કૂતરીની કાણ.

દિલ્હીના પાદશાહની હજુરમાં એક કાજી રહેતો હતો. નાના મોટા ગુન્હાનો ચુકાદો તેની જીભે થતો હતો તેથી સહુ કાજીના દબાણમાં રહેતા. તે કાજીની કૂતરી મરી જવાથી આખું શહેર

ખરખેરે ગયું, પરંતુ તેજ કાજી જ્યારે ગુજરી ગયો ત્યારે એક પણ માણસે તેની દીલગીરી કે અફસોસ જાહેર કર્યો નહીં.

અમલના મદથી ત્રાશ પડાવનારની જીભે ખુશામત કરે છે પણ મનમાં કોઇ તેનાથી રાજી રહેતું નથી. અધિકારથી દૂર થયા કેડે યા તેના ગત થવાથી કોઈ ઉદાશ થતું નથી. એવો ઉપરના દ્રષ્ટાંતથી બોધ મળે છે.

---

૮૩. ખટપટીયા ને આઘાપાછીઓ.

એક દરજી અને દરજણને અંદર અંદર ઘણોજ સુસંપ હતો. તેમનામાં કલહ ઉપજાવવા એક ખટપટી માણસે તદબીર રચી. દરજીને જઇને એવું સમજાવ્યું કે, તારી ઓરતને હડકાયું કુતરૂં કરડી ગયેલ છે અને તેથી તે આજ જરૂર તારૂં નાક કરડી ખાશે માટે તું તપાસી ચાલજે. પછી દરજણને મળી એવું સમજાવ્યું કે, તારો ધણી હાલ દારૂડીઓ થયો છે ને રોજ કલાલને ત્યાં જાય છે ખાત્રી કરવી હોય તો જરા આજ તું તેનું મોં સુંઘી જોજે. દરજી બહારથી ઘેર આવતાં દરજણે તેના મોઢા તરફ મોઢું કર્યું કે પેલો દરજી સમજી ગયો કે, આતો ખરી વાત દેખાય છે આને જરૂર હડખવા હાલ્યો છે, માટે કહેવા લાગ્યો કે, રાંડ હડખાઇ છેટે રહે. ત્યારે પેલી કહે પીટયા દારૂડીઆ, હડખાઇ કેને કહેછે? એમ કરતાં વઢી પડ્યાં. આડોશી પાડોશી ધાઇ આવ્યાં ને વઢવાડનું કારણ પૂછતાં દરજણે કહ્યું કે, મારો ધણી હમેશાં દારૂ પીએછે, જેથી હું પરિક્ષા લેવા મો સુંઘવા જતાં મને હડકાઇ કહી મારવા દોડે છે. દરજી કહે હું દારૂ પીઉછું એમ તેં શા ઉપરથી જાણ્યું? ત્યારે દરજણે બધી વાત જાહેર કરી. તે ઉપરથી દરજીને ખાત્રી થઈ કે, આતો કેવળ આઘાપાચીયાની વાત માનવાથી ઉધું વેતરાણું છે.

નીચ અને ખટપટી માણસની વાત ઉપર લાંબો વિચાર કરી આગળ પગલું ભરવું જોઈએ.

---

૮૪. ગરજે ગધેડાને બાપ કહેવો પડે છે.

એકવખત પાદશાહે લવાને પૂછ્યું કે, ગરજે ગધેડાને બાપ કહેવો પડે છે એ વાતની ખાત્રી કરી આપવી. તે ઉપરથી એક દીવસ પાદશાહ શિકારે ગયા તે વખતે લવો પણ સાથે હતો. એવામાં એક ભયંકર કોતર આવ્યું ત્યાં ઘોડાથી ચલાય તેવું નહોતું એટલે લશ્કર તથા ઘોડાને પછાડી મૂકી ફક્ત લવો ને પાદશાહ અગાડી વધ્યા આગળ જતાં પાદશાહની નજર ચુકાવી લવે તમામ લશ્કરને હુકમ દીધો કે, પાદશાહનો એવો હુકમ છે કે તમાંમ લશ્કર અને . પાદશાહનો તથા મારો ઘોડો લઈ સાંજના પાંચ વાગતે અહીં હાજર થવું હાલ સહુએ દિલ્હી જવું. પાદશાહ સાંજ લગી અહીં અગત્યના કારણુથી રોકાનાર છે. હુકમ થતાં લશ્કર દિલ્હી ગયું અને લવો આમ તેમ ફરી પાદશાહ ભેગો થયો અને કહેવા લાગ્યો કે હજુર રસ્તો ભૂલી જવાથી દેર થઈ, આપથી પણ વિખુટો પડયો. અસુર વધારે થઈ છે માટે હવે સાબદું થવું જોઈએ. તે ઉપરથી જ્યાં લશ્કર તથા ઘોડા હતાં તે જગોપર લવો ને પાદશાહ આવ્યા પણ ત્યાંતો કોઈ મળે નહી. બપોર પણ ચડવા આવ્યા અને ભૂખ કકડીને લાગી હતી તેથી ચાલવાની આય રહી નહીં. ત્યારે પાદશાહે લવાને પૂછ્યું કે લવા જલદીથી દિલ્હી ભેળું થવાય એવું કોઈ સાધન મળે તોજ બચાવ થાય. અહીં લવે આગળથી એક નહેરામાં ગધેડો બંધાવી રખ્યો હતો તેને દોરી લાવી તે ઊપર પાદશાહને બેસાર્યા. પણ ગધેડો અધ

મુવા જેવો તેથી કલાકે ડગલું ભરે એવો છેક નિર્બળ હતો તેથી ચાલી શકે નહીં. તે જોઈ પાદશાહે લવાને કહ્યું કે, આ તો બિલકુલ ચાલી શકતો નથી. લવો કહે, જહાંપનાહ! એ જાતને એવી આદત છે કે તેને ફુલાવવા ફુલાવવાથી જલદી ચાલે; માટે "બાપુ આલ" એમ કહેવાથી ઉતાવળો હીંડશે. પાદશાહે તેમ કહેવા માંડ્યું. તો પણ ઉતાવળો ચાલે નહીં. તે જોઇ લવો કહે જોયું મહેરબાન ગરજ કેવી મીઠી છે ગધેડાને પણ આ વખત બાપુ કહેવો પડે છે! પાદશાહે ખરૂં માન્યું. એટલામાં લશ્કર તથા પાદશાહના ઘોડા આવી પહોંચ્યા, અને સહુ દિલ્હી પહોંચ્યા.

---

૮૫. મમતા કોઇની મટતી નથી.

મોકો અને માણસુર નામના બે કાઠી દ્વારકાંની જાત્રાએ જતા હતા. ત્યાં રસ્તામાં એક બાવો સમાધી ચડાવી બેઠો હતો તેને જોઈ મોકો માણસુરને કહેવા લાગ્યો કે, અહો! આ બાવાજી ખરેખર કોઇ મહાત્મા પુરૂષ છે; તેમના દર્શનથી આપણને મોટો લાભ થયો. આવા મહાત્માને શર્ણે પાંચ રૂપીઆ ધરીએ પણ પાસે લુગડું સરખું પણ રાખતા નથી કે ગાંઠે બાંધીએ. જો તેમની આગળ મૂકી જઇએ તો આંખ ઉઘાડી જોતા નથી તેથી કોઈ લઈ જાય. એટલામાં બાવાજીએ મોં ઉઘાડ્યું, એટલે માણસુર મોંમાં ખોબો ભરી ધુળ નાખીને ચાલતો થયો.

વાંચનાર જોશે કે મમતા કોઇની મટતી નથી. આત્મકલ્યાણ અને પરમજ્ઞુપણાને બહાને ઢોંગ સોંગ કરી ધન ધુતી ખાનારને આપવાથી પુણ્ય થાય છે એ માનવું ખરૂં નથી; એથી તો ઉલટું લુચ્ચા અને હરામનુ ખાનારને ઉત્તેજન મળે છે.

---

૮૬. ચડતીમાં ફુલાય છે તે પડતીમાં પસ્તાય છે.

ભાઇની ચડતીમાં ભત્રિજાના વિવાહ પ્રસંગે બેન વિવાહે આવી તે વખતે ભાઇ કીનખાપનો માદી તકીએ બેસી નોકર ચાકરને હુકમ કરતા ને બડી ધામ ધુમ મચી રહી હતી. બેને આવી હોંશથી ભાઇનાં ઓવારણાં લીધાં; પણ કોણ આવ્યું ને કોણ ગયું તેની ભાઇને ખબર રહી નહીં. આથી બેની બાઇને ઘણું માઠું લાગ્યું અને પોતાની નિર્ધનતાથી દુખી દેખાવા લાગી. વિવાહ વીત્યા કેડે પાંચ દીવસ રહી ઘેર ગઇ ત્યારે પણ આદર સત્કાર ન થયો. "ચડતી પછી પડતી, ઉગે તે આથમે અને ફુલે તે કરમાય." એ જગતનિયમાનુસાર ભાઇની નબળી સ્થિતી આવવા લાગી ને છેક ખાખાવીખી થઇ ગયો તે વખતે બેન ભાઇને મળવા આવી. આ વખત ભાઇ હાથમાં સોયદોરા લેઇ પેહેરવાનું ધોતીયું સાંધતો હતો, આગળ અરધાં નાગાં ઉત્રાડાં છોકરાં ટળવળતાં હતાં, વહુ કોઇનું દલણું દળતી હતી. આવો દેખાવ જોઇ બેનની આંખમાં આંસુ આવ્યાં. ભાઇ ધીરજ દઇને બોલ્યો કે, બેન કંઇ દીલગીર ન થવું; બધી વખત સરખી રહેતી નથી. તમે આજ ઘણે દીવસે મળ્યાં એથી બહુ આનંદ થયો. પરંતુ તમો ફુલચંદના વિવાહમાં કેમ નહોતાં આવ્યાં? બેન કહે, ભાઇ હું આવી હતી પણ તે વખતે તારી આંખે અભિમાનનાં પડળ ચડ્યાં હતાં એટલે સુજવામાં નહીં આવ્યું હોય. ભાઇની ખાત્રી થઇ, પણ કરે શું? તે વખત તો ગયો. ચડતીમાં સગાં કુટુંબી ઓળખીતાની બુજ કરવાથી પડતીમાં તેઓ મદદ કરેછે ને પાછળથી કોઇ બુરૂં બોલતું નથી કે માઠું લગાડતું નથી. પણ ચડતીમાં તોર આણવાથી પડતીમાં પસ્તાવું પડે છે.

૮૭. બાપનું નામ બોળનાર કપુત.

એક શાહુકારે ત્રણ ગાઉ લગી ક્યાંઇ પાણી ન મળે એવી જગાએ પૂણ્યાર્થે વાવ્ય ગળાવી. તે ઉપર પોતાના નામનો શિલા લેખ કોતરાવી નંખાવ્યો. પછી તે શાહુકાર મરી ગયો ને પછી દીકરો કપુત નીવડયો તે બાપે મેળવેલી તમામ મિલકત ગુમાવી બેઠો ને ઘણોજ દુઃખી થવા લાગ્યો ત્યારે કોઇએ કહ્યું કે, તારા બાપની ગળાવેલી વાવ્ય છે તે ઠેકાણે જઇને પાણી પીવા આવનાર કનેથી પીઆવીની રકમ ઉઘરાવાથી તારો સારી રીતે નિભાવ થશે. પેલે તેમ કરવા માંડયું એટલામાં કોઇ સંઘવી મોટો સંઘ કાઢી નીકળ્યો. તે સંઘનાં માણસ તથા જાનવર તરસ્યાં થવાથી પાણી પીવા આવ્યાં? ત્યારે પેલે છોકરે પીઆવી માગી. આ વાત સંઘવીને કાને ગઇ તેણે આવી જોયું તો શિલા લેખમાં "આ વાવ્ય સાર્વજનિક ધર્માદા છે." એવો લેખ લખેલો દીઠો. તે જોઈ સંઘવીએ પેલાં છોકરાને બોલાવી અમુક ઉચ્ચક રકમ આપવાનું ઠરી તે વાવ્યનો હક પોતે લીધો અને તેના બાપનો શિલાલેખ કોતરાવેલો કાઢી નંખાવી પેલા સંઘવીના નામનો આરસ કોતરાવીને તે વાવ્ય ઉપર લેવાતો લાગો બંધ કીધો.

---

૮૮. નીચની સંગતનું ફળ.

એક ઝાડ ઉપર હંસ બેઠો હતો. તેની નજીક એક કાગડો આવી બેઠો. હંસ કહે તું મારાથી છેટે જઈ બેશ. કાગડો કહે ઝાડનો કાંઇ તેં ઇજારો લીધો નથી, મારી મરજી પડે ત્યાં બેશીશ. ત્યારે હંસ પોતેજ આ નીચની સોબત તજી ઉડી જવાનું કરતો હતો એટલામાં રાજાની સ્વારી તેજ ઝાડ તળે આવી ઉતરી ને તે

જગાએ રાજા બેઠો હતો તેના ઉપર ચરકીને કાગડો ઉડી ગયો. રાજાએ તીર ફેંક્યો તે હંસને વાગવાથી રાધાકૃષ્ણ બોલી હેઠે પડયો. હરી જનને મારવાથી રાજા પસ્તાવા લાગ્યો. ત્યારે હંસ બોલ્યો કે આમાં કાંઇ તમારો વાંક નથી. 'હું નીચની સોબતમાં બે ઘડી બેશી આરામ લેવા રોકાયો તેનું આ મને ફળ મળ્યું.

---

૮૯. સહીઆરૂં કામ.

નિશાળમાં પડી રહેલી એક સોય ઘેર લાવવા મેહેતાજીએ છોકરાને હુકમ કર્યો.

અમુકનું નામ દઇ હુકમ ન કરવાથી છોકરા અંદર અંદર તકરાર કરવા લાગ્યા. એક કહે મને કહ્યું નથી ને બીજો કહે મને કહ્યું નથી. આખરે સહુએ મળી એવો ઠરાવ કીધો કે નિશાળની પડોશમાં પડેલ એક આડસરમાં તે સોયને પરોવવી, પછી સઉએ મળી તે આડસર ઉચકી મેહેતાજી પાસે રજુ કરવું; એટલે કોઇને વાંધો રહે નહીં. સહુએ મળી તેમ કીધું ને સોય સહીત મેહેતાજી પાસે રજુ કર્યું. મેહેતાજી તેમની બેવકુફાઇપર હસવા લાગ્યા ને બોલ્યા કે, જુઓ ભાઇઓ મજીઆરા કામની કેવી દશા થાય છે.

દોહો

સાઠ નિશાળીએ ઊચકી, મેહેતાજીની સોય;
કોણ કરે તે કામને, જે મજીઆરૂં હોય.

---

૯૦. નઠીકરી અવસ્થા.

એક શેહેરમાં એક વિધવા બ્રાહ્મણી રહેતી હતી તેને પ્રભાશંકર કરીને એકજ દીકરો હતો. પોતે દલણું પાણી કરી છોકરાનું

તથા પોતાનું ઉદરપોષણ કરતી પણ છોકરાને કાંઇજ કામ બતાવતી નહીં. આથી "**રાંડી પુત્ર શાહજાદા.**" એ કહેવત મિશાલે છોકરો ખાઇપી અસ્તાના સાંઢ જેવો ફરતો.

એક વખત તે ગામના રાજાની સવારી તેની શેરીમાં થઇને નીકળી એટલે પેલે છોકરે રાજાના હાથીનું પૂછડું પકડી ઉભો રાખ્યો. રાજા આ જોઇને અચરજ પામ્યો ને તે છોકરો કોણ અને કોનો છે તેની તજવીજ કરતાં તે એક વિધવા બ્રાહ્મણીનો પુત્ર છે એમ માલુમ પડયું. તેનામાં આવું અગાધ શૌર્ય શાથી પ્રાપ્ત થયું તે વિશે પ્રધાનને પૂછતાં જાહેર કીધું કે, ખુદાવિંદા તે છોકરો નચીકરી અવસ્થામાં ઉછરેલો છે એટલે તેનામાં વિશેષ કૌવત છે; જો જરા ફિકરમાં પડે તો તેનું શૌર્ય રહે નહીં. પછી રાજાના હુકમથી પ્રધાને તે છોકરાને બોલાવી સાંજસવાર અમુક શિવાલયમાં જઇ ધુપદીપ કરવાનું બતાવ્યું ને તે બદલ અમુક રકમ તથા સીધુંપાણી આપવા ઠરાવ કર્યો. દીવો કરવામાં વાર થવાથી નીમેલો પગાર નહીં મળે એ ડરથી રોજ વેહેલો ઉઠેઅને વાર થાય તે દીવસ સોચમાં પડે. એમ કેટલાક મહીના વીત્યાથી પ્રતિદિન ફિકરને લીધે શરીરે સુકાવા માંડયો. બીજી વખત તેજ રસ્તે થઇ જ્યારે રાજાની સ્વારી નીકળી ત્યારે હાથીનું પૂછડું ખેંચતાં પાછળ ઘસડાવું પડયું. ત્યારે રાજાની ખાત્રી થઈ કે ફિકરથી આદમીના જોરમાં ઘટાડો થાય છે.

---

૭૨ લેભાગુ યાને ઊંટવૈદ્ય.

ઊંટને ગળે કોઠમડું ભરાઇ રહેવાથી તે ખાઇ શકતો નહોતો જેથી એક ભરવાડ જે જાનવરની દવાદારૂ કરી જાણતો હતો

તેણે ઊંટના ગળાની રગ તપાસી કોઠમડું ગળામાં ઊતારી દીધું તેથી ઊંટને આરામ થઇ ગયો. આ ઉસ્તાદી એક પાસે ઉભેલા આદમીના જોવામાં આવી અને તેને વૈદ થવાની અભીલાષા થઇ. પછી એક કણબીની ડોશીનું ગળું દુઃખતું હશે તે જોઇ પોતે વૈદ બની કહેવા લાગ્યો કે, આને ગળે કોઠમડું ભરાઇ રહ્યું છે તેને હું સાહિત વારમાં આરામ કરીઆપું. એમ બોલવાથી ઘરનાં સહુ રાજી થયાં; કેમકે દરદીને વૈદ વહાલો એથી વૈદને દવા કરવા અરજ કરી. પેલાએ ડોશીના ગળાની રગ ઝાલીને જોરથી દાબી એટલે ડોશીનો નરઢો દબાયો અને શ્વાસ રૂંધાવાથી તુરત મરણ પામી.

---

૯૨. આવે રોઝી ઘોડીના અસ્વાર.

એક કાઠીયાણીનો ધણી ગુજરી જવાથી તે કાઠીયાણી પોતાના ધણીની ઘોડી, વાહન, સમૃદ્ધિ ને પરાક્રમને યાદ લાવી રૂદન કરતી હતી. કાઠીને ચડવા રોઝી ઘોડી હતી તેથી "આવો રોઝી ઘોડીના અસ્વાર" એમ બોલી વીલાપ કરતી. તેની નજીકમાં રહેનાર એક વાણીઅણનો ધણી ગુજરી ગયો ત્યારે તે રૂદન કરવા લાગી કે "આવજો રોઝી ઘોડીના ચડનારરે" આ જોઇ કાઠીઆણી તેને કહેવા લાગી કે તમારે રોઝી ઘોડી કયાં હતી અને શેઠ કેદી ચડતા હતા કે તું તેને તેવી ઉપમા આપે છે? શેઠાણી કહે અમારે રોઝી ઘોડીતો નહોતી પણ હ્યું હ્યું કરતા એટલે મને યાદ આવ્યું જેથી તેમની પાસે વિલાપ કરૂંછું.

જે ગુણ કે પરાક્રમ ન હોય તે બતાવવાનો ડોળ કરવો એ મુર્ખાઇ છે;

૯૩. કુતર્ક કરવો નહીં.

એક અપાસરામાં એક જતી રહેતો હતો તેની નજીકને રસ્તે એક કુંડલાં શીંગડાં વાળી ભેંસ રોજ જતી આવતી તેની નજરે પડતી હતી તેને જોઇ જતીને એવો વિચાર થયો કે, આ ભેંસનાં શીંગડાંમાં પગ નાખું તો પાછો નીકળે કે નહીં એમ રોજ સંકેત કરે એક દીવસ પારખું જોવા ભેંસ અપાસરા કને નીકળી એટલે શીંગડાં-માં પગ નાખ્યો એટલે ભેંસ ભડકી ને જતી પાછળ ઘસડાવા લાગ્યો ઘણી મેહેનતે લોકોએ જતીનો પગ શીંગડામાંથી કાઢયો. જતીનાં હાડકાં ને પાંસળાંમાંથી લોહી વહેવા લાગ્યું. કોઇએ પૂછયું કે શીં-ગડામાં પગ નાખતાં કાંઇ વીચાર ન કર્યો? જતી કહે વિચાર તો છ મહીના થયાં કરતો હતો પણ આમજ થશે એમ સુઝયું નહીં.

---

૯૪. પરા તો પરા પણ ધોરે તો ચરા.

એક કુમેદ ઘોડાને કાયદામાં લાવવા વાસ્તે એક ઉસ્તાદ ફેરવતો હતો પણ તે બહુ તોફાન કરતો હતો. એક મુલ્લાંજી કહે, એ ઘોડો હું સારી રીતે ફેરવી સીધો કરી આપું. સહુએ ના કહી કે, મુલાંજી એ તમારૂં કામ નહીં તોપણ મુલ્લાંજીના માનવામાં આવ્યું નહીં અને ચાકરને હેઠો ઉતારી પોતે સ્વાર થઇ ફેરવવા મંડ્યા એટલામાં ઘોડો ચરાક થયો એટલે મુલાંજી ધીબ લઇને ગીરી પડ્યા. તે જોઇ લોકો હસવા લાગ્યા, ઘડીવાર થઇ એટલે મુલ્લાંજી કપડાં ખંખેરી બેઠા થયા ને બોલ્યા કે, એમાં તમે સહુ શું હસો છો "પરા તો પરા પન ધોરે તો ચરા."

જે જ્ઞાન કે શીલસુરી પોતાનામાં ન હોય તે બતાવવાનો ડોળ કરનારની હાંશી થાય છે.

૯૫. લેણાદેણી લગી અવગુણ આવતો નથી.

એક શાહુકારનો છોકરો કુછંદે ચડી નાકવઢી નાયકાના ફંદમાં પડયો. તેના બાપે તે કુછંદ છોડાવવા એક મેનકા જેવી સ્વરૂપવાનને ગુણવાન કન્યા સાથે વિવાહ કર્યો. પણ નાયકા સિવાય તે છોકરો બીજે ક્યાંઇ ટકે નહીં. આ દુઃખથી તેનો બાપ પણ કેટલેક દીવસે માથું ફૂટી ફૂટી મરી ગયો. એક વખત શેઠાણીએ એક જોશીને પૂછયું કે, શેઠને નાયકાને સંબંધ ક્યાં લગી રહેશે ને હજુ તે શેઠ કને શું માગે છે? જોશી કહે, હવે ગુણીકા શેઠ કને સવાલક્ષ રૂપિયા માગે છે. આ વાત જાણી લઈ શેઠાણીએ નંગ જડીત કાપડું સવાલક્ષની કીમતનું તૈયાર કરાવી શેઠની નજર પડે તેવી જગ્યેપર મૂકયું. લાગ જોઇ શેઠે તે કાપડું લઈ ગુણીકાને પેહેરવા માટે આપ્યું. ગુણીકા તે કાપડું પેહેરી ઘણી ખુશી થઇ. પણ શેઠ તેને કહેવા લાગ્યો કે, તારૂં નાક વઢાએલું ન હોત તો કાપડું વધારે શોભત. આ સાંભળી ગુણીકા ગુસ્સે થઇ કે પીટયા મારૂં તો પ્રથમથી નાક કપાએલ છે, પણ તું તારા બાપનું નાક વઢાવવા શીદ મારે ત્યાં આવેછે? એમ કહી વઢી પડ્યાં ને બંનેનો સંબંધ તુટયો. શેઠને નાયકાનાં કઠોર વચન વજ્ર જેવાં લાગ્યાં ને ત્યારથી તેની સંગત છોડી દઇ સ્વપત્ની શીવાય મા બેન કરી દુકાનના કામમાં જીવ પરોવ્યો.

જ્યાં લગી લેણાદેણી હોય છે ત્યાં લગી અવગુણ આવતો નથી. માગતું ખાઇ રહ્યા કેડે દુર્ગુણ દર્શાઇ આવે છે.

---

૯૬. ઓસાણ સો હથીયાર.

પાદશાહે લવાને પુછયું કે સરસમાં સરસ હથીયાર કયું? લવો

કહે વખત આવે બતાવીશ. પછી એક દીવસને સમે પાદશાહનો હાથી છુટો થઇ ગયો અને તેની સામું જે આવે તેને મારવા દોડતો. આ વખતે પાદશાહ ગોખે ઊભા હતા ને લવો ચાલ્યો આવતો હતો ત્યાં મદોન્મત હાથી તેની સામો આવતો જોઈ લવે સમયસૂચકતા વાપરી એક કૂતરૂં તેના તરફ ફેંક્યું. કૂતરાંએ રાડ નાખવાથી હાથી ભડકીને પાછો ભાગ્યો. લવે પાદશાહને કહ્યું કે, જોયું ખુદાવિંદ! સરસમાં સરસ ઓસાણ હથીયાર છે.

---

૯૭. મૂર્ખ મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન સારો.

એક રાજાના મેહેલની એક વાંદરો ખુલ્લી તરવારથી ચોકી કરતો હતો. એક વખત રાજા તથા રાણી મેહેલની અંદર રાત્રે સૂતાં હતાં ત્યાં મહેલમાં અંદર સાપ નીકળ્યો. તેનું પ્રતિબિંબ રાજાના બિછાનાપર પડવાથી વાંદરો તેને સરપ જાણી તલવારથી મારવા દોડયો. તેવામાં તે રાજાએ નોકરીથી બરતરફ કરેલ બ્રાહ્મણ કારભારી આપત્તકાળથી ચોરી કરવા રાજાના મેહેલમાં આવેલો તેણે આ ચરિત્ર જોયું એટલે ચુપ ચુપ આવી વાંદરાના હાથમાંથી તલવાર પકડી લઇ તે વડે સાપના બે કડકા કરી નાખ્યા અને મહેલમાંથી ચોરી કરવી છોડી દઇ ચાલી નીકળતાં મેહેલની સામેની ભીંતે નીચે પ્રમાણે શ્લોક લખ્યો:—

श्लोक.

पंडितो पील्लर शत्रु, नमुर्खो हितकारक
वांदरो हन्तो राजा विप्रचोरेण रक्षत.

સવારમાં ઉઠી જોતાં રાજાની નજરે સાપના કડકા અને

ઉપરનો શ્લોક વાંચવામાં આવ્યો. તે જોઇ રાજા અચરજ પામ્યો અને આ બનાવની ખરી હકીકત જાહેર કરનારને માફી આપવા ઢંઢેરો પીટાવ્યો જેથી પેલા બ્રાહ્મણે આવી બે હાથ જોડી રાજાને સર્વ વૃત્તાંત જાહેર કર્યું. તેથી ખુશી થઇ રાજાએ તેને મુખ્ય પ્રધાન બનાવ્યો અને વાંદરાની ચોકી બંધ કરી.

---

૯૮. આશા અમર છે.

અંગણોતરા જેવા દુકાળના વખતમાં માવતર છોરૂને મેલી ચાલી નીકળવા મંડયાં. તેમાં એક બાઇ પોતાનાં ત્રણ છોકરાંને મૂકી ચાલી નીકળતાં પેહેલાં તેમને એક રોટલા મૂકવાના કંડીઆ તળે બેસારી કેહેતી ગઇ કે હું બહારથી આવી આ ઊંચે ટાંગેલા કંડીઆમાંથી તમને રોટલો આપીશ. તે લાલચ ઉપર કંડીઆ સામી નજર રાખી છોકરાંએ કેટલીક મુદત દીવસ લીધા. પછી કોઇ માણુસ ત્યાં આવી ચડયો અને તેણે છોકરાંની નજર કંડીયા સામી જોઈ કંડીયો નીચે ઉતારી છોકરાંની પાસે મૂકયો. જ્યારે તે ખાલી દીઠો ત્યારે છોકરાંએ તેમાંથી ખાવાની આશા મૂકી અને થોડી વારમાં એક પછી એક મરી ગયાં.

---

૯૯. જગતમાં સહુ સ્વાર્થની બાજી છે.

આ જગત સ્વાર્થની બાજી છે, આખર કોઈ કોઇનું નથી. એક ધનપતી મરવા પડયો અને જીવવાની આશા ન રહી ત્યારે તેને પોતાના હાથથી કાંઇ પુણ્ય કરવા મરજી થઇ. પરંતુ જીવ આકુળવ્યાકુળ થયો, સાદ તો તરડાવા માંડયો, અને જરા સાની પટકી થઇ. આવી દશામાં તેની આસપાસ બેઠેલા ભાઇ,

દીકરા સહુએ રામ રામ કહો, એમ કહેવા માંડયું. પેલો કહે મને સાંકળી આપો. ત્યારે પાસે બેઠેલો છોકરો કહે, ના બાપા અત્યારે સાંકળી ન હોય, સાસ ઉપડે; માટે રામ રામ કહો બીજો લવારો મૂકીદો. ફરી હાથના ઇસારાથી પાંચ આંગળીઓ ભેગી કરી દાંન નીમીત સાંકળી માગી પણ અત્યારે તલસાંકળી આપવાથી વધારે ઉપદ્રવ થાય એમ કહી બાપની વાત ઉડાવી દીધી ને આખર સાંકળી સાંકળી કરતો પ્રાણ ત્યાગ કર્યો પણ કોઇએ પળી પાણી પણ આપ્યું નહીં. હાથે એજ સાથે આવવાનું છે. બાકી સહુ મિથ્યા જાણવું.

---

૧૦૦ સંપ રાખવાથી ગઇ સંપતી સાંપડે છે.

એક કંજુસશા નામે શાહુકાર હતો તે પોતાના નામ મુજબ ખરેખર કંજુસજ હતો. ગુમારતા દુકાનની નોકરી કરતા તેને પણ શેકના ગોળાનું પાણી વાવરવા મના હતી, ઘરમાં મુદત પહેલાં લુગડું ફાટે તો સાંધો દઇ ચલાવી લેતો ને આવ્યા ગયાને રોટલો ખવરાવવાની પ્રતિજ્ઞા હતી. તેના મોટા દીકરાની વહુ સારા ગૃહસ્થ શેઠીયાની દીકરી હતી, તે શેઠથી છાનું આંધળાં, લુલાં લંગડાંને અનાજ કપડું ઓઢાડી આશિર્વાદ લેતી. લક્ષ્મી ચપળ છે, કોઇને ત્યાં આખર લગી રહી નથી તેમ રહેવાની પણ નથી. તે મુજબ કંજુસશાની પણ પડતી થતી ચાલી અને થોડી મુદતમાં ખાખાવીખી થઇ ગયો. લક્ષ્મીએ વિદાયગીરી લેતી વખત પેલી વહુને કહ્યું કે, હું જાઉછું તારે કાંઇ માગવું હોય તો માગી લે. વહુ કહે, હું એજ માગુંછું કે, અમારા સહુમાં સંપ રહે એમ થવું જોઇએ. લક્ષ્મી કહે તે વિના બીજું માગ. પેલી કહે, ના; બીજું કાંઇજ ને

જોઇએ. આખર લક્ષ્મીએ તે વચનનો સ્વીકાર કર્યો. આથી લક્ષ્મી ગઇ પણ સુસંપ વધ્યો. સહુ હળી મળી કામ ધંધો કરવા મંડ્યાં અને કોઇ કોઇનું વેણ ઉથાપે નહીં.

એમ થવાથી દિન પ્રતિદિન લક્ષ્મીની આવદાની થઇ ને શેઠને ત્યાં પ્રથમની પેઠે ચાકર, નોકર, ગુમાસ્તા, કામ કરવા લાગ્યા, અને દેશદેશાવરમાં દુકાનો તથા આડત વધારી. રામ કથામાં કહ્યું છે કે:—

ચોપાઇ.

જહાં સંપ તહાં સંપતી નાના;
જહા કુસંપ તહાં, કલેશ નિધાના.

૧૦૧. હાથને દુશ્મન થવું.

એક વખત પાદશાહે લવાને પુછ્યું કે, લવા તારે શત્રુ ઝાઝા કે મિત્ર? લવાએ જવાબ દીધો કે, ખુદાવિંદ! મારે શત્રુનો વધારો છે. બાદશાહે કારણ પૂછતાં જણાવ્યું કે, હું વ્યાજવટાનો ધંધો કરૂં છું તેથી મારે હાથે દુસ્મન થવું પડે છે. પાદશાહ કહે એથી દુસ્મનાઇ વધે એમ હું માનતો નથી કેમકે બીજાને ખરા આપતકાળમાં કે જરૂર વખતે આપવાથી ઉલટો અહેશાન અને નફો છે. લવે પાદશાહની ખાત્રી માટે એક જણને નાણું ધીરી પાછળથી ઉઘરાણી કરવા જતાં પેલો સામો લડવા ઉભો થયો. લવો પાદશાહને કહે, જોયું સાહેબ! આ રીતે મારે દુસ્મન કરવા પડ્યા છે.

૧૦૨. પંચાણજી પરમાર.

પરમાર રજપુતના વાંટામાં પંચાણજી નામે ઘરડો બંધાણી હતો તે આવ્યા ગયા મેમાનોની ખાતર બરદાસ્ત રાખવા ડેલી

ઉપર રહેતો હતો. એકવાર શીઆળામાં રાત્રે મેમાન આવ્યા તેઅને વાળુ પાણી કરાવી પથારી સારૂ વાંટામાંથી ગોદડાં લેવા નીકળ્યા અને વાંટા નજીક એક ગાડાની ઊંધ ઉપર બેશીને બોલવા લાગ્યા કે, જેઠીજીની વહુ, ગોદડું લાવો; ભાવસિંગજીની વહુ, એક ગોદડું તમે લાવો બા. વહુઓ લાજ ખેંચી વગર બોલે એકેકું ગોદડું પંચાણજી પાસે મૂકી જતી રહી. એટલામાં પંચાણજીને કેફની લહેરમાં ઝોકું આવ્યું તેથી ત્યાંને ત્યાં ઢળી ગયા. સવાર પડી તેની પણ ખબર રહી નહીં અને જાગ્યા એટલે બૂમના કરવા મંડ્યા કે, એ વખતુજીની વહુ, ગોદડું આણી જાજો બા; મેમાનને અસુર થાય છે. વહુએ ઉત્તર દીધો કે, જી જી ગોદડાં તો સગી સાંજનાં તમારી આગળ આણીને મૂક્યાં છે ને હવે તો સવાર થઇ છે. પંચાણજી ઝબકી ઉઠ્યા ને બોલ્યા કે, હેં બા, શું કહો છો! ઘડીકમાં સવાર થઇ ગઇ? પણ મેમાન ટાઢે મૂવા ને પંચાણજીની પૂરી ફજેતી થઇ.

---

૧૦૩. આંધળા ઊંડળ.

એક કણબી દીકરાની વહુને તેડવા ગયેલો ત્યાંથી પાછા વળતાં રસ્તામાં એક આંધળો બેઠેલો તેણે પેલા કણબીને કાલાવાલા કર્યા કે, ભાઇ મને નજીકના ગામ લગી પુગાડે તો ઇશ્વર તારૂં કલ્યાણ કરશે. વહુ કહે, બાબાજી, અજાણ્યા માણસને ગાડે બેસારવો એ સારૂં નહીં. પણ સસરાને દયા આવવાથી ગાડે બેસવા દીધો. આગળ ચાલતાં એક નગર આવ્યું તેને પાદર ઉતરવાનું કહેતાં આંધળો કહે, ભાઇ હવે જરા તસ્દી તો પડશે પણ ઠેઠ ગામમાં મૂકો તો કોઇ મારી બરદાશ લે, પછી તમે સુખેથી ચાલ્યા જજો. પેલે તેમ કર્યું ને ગામમાં જઇ આંધળાને

ઉતરવાનું કહેતાં કહેવા લાગ્યો કે, અરે ભાઇ શું બયો ગામમાંથી બાઇડી લઇ ભાગી જાતું છે? તને સારૂ માણસ જાણી ગાડી હાંકવા રાખ્યો તેની ગુન્હેગારી લેવી છે? તકરાર થતાં ઘણાં માણસ ભેગાં થયાં અને વઢવાડનું કારણ પૂછતાં કણબીએ બધી વાત કહી બતાવી. વહુને પૂછતાં તેણે પણ કણબીના કહેવા મુજબ સર્વે વૃત્તાંત જાહેર કર્યું. પેલો આંધળો કહે, ભાઇ બાઇડીનો પણ દી ફર્યાં છે ને તેને ગાડાખેડુને લઇને ભાગી જાવું છે; માટે તમો દયાળુ છો, મારી ગરીબની વહાર કરો. આ વાતની દરબારમાં ખબર પડતાં સીપાઇ આવી ત્રણેને દરબારકને લઇ ગયા ત્યાં તેમની હકીકત પૂછતાં ત્રણેએ ઉપર મુજબ જાહેર કર્યું જેથી ખરી વાતનો તપાસ થવા ત્રણેને જૂદી જૂદી ઓરડીઓમાં દાખલ કરી તે ઉપર એકેક સીપાઇનો પેહેરો રાખ્યો ને તે દરેક શું બોલે છે તે જાહેર કરવા ફરમાવ્યું.

પ્રથમ કણબી બોલ્યો કે, અરે મેં કેવી મૂર્ખાઇ કરી કે વહુનું કહ્યું માન્યું નહીં. ગામને પાદર મૂકી ગયો હોત તોપણ આટલું થાત નહીં. હે પ્રભુ તું સહાય કરજે ધર્મ કરતાં ધાડ ઉઠવી ન જોઇએ. વહુ કહે હું સસરાને વારતી કે "અજાણ્યાને ગાડે બેસારો માં" પણ માન્યું નહીં; હવે પસ્તાય છે. તજવીજ થશે તો અંતે સત્ય જણાશે, પણ ત્યાંલગી નાહક હેરાન થવું પડશે. દયા ડાકણને ખાય એવો વખત છે. આંધળો કહે, કજીઓ માબાપ છે. મારૂં ચાલશે ત્યાંલગી રાંડને છોડીશ નહીં, નહીંતો આખર મારૂં શું જશે? લાગ્યું તો તીર નહીંતો થોથું. આ વાત પહેરેગીરોએ રાજાને જાહેર કરી જે ઉપરથી લુચ્ચા આંધળાને સજા કરી. અને કણબી તથા વહુને રજા આપી.

૧૦૪ મોત માગનાર કઠીયારો.

એક કઠીયારો રોજ લાકડાં વાઢી ભારો વેચી ગુજારો કરતો. જાતે ઘરડો તેથી લાકડાં વાઢી વાઢી કાયર થઇ ગયો હતો. એક-વાર લાકડાં વાઢવા જતાં અસુર થઈ બપોર ચડી ગયા તેથી થાક લાગવાથી એક ઠેકાણે ભારો હેઠે નાખી આરામ લેવા બેઠો ને બોલ્યો કે, હે પ્રભુ! હવે આ દુ:ખથી મોત આપે તો સારૂં. એ-ટલામાં મોત આવી ઉભું રહ્યું. કઠીયારો તેને જોઇ કહે તમે કોણછો ને કયાં જાઓછો? તે કહે, હું મોતછું ને તેં બોલાવવાથી આવેલો છું.

કઠીયારો—હવે તમે શું કરશો?

મોત—તને લઇ જઇશું.

કઠીયારો—મેં તમને લઇ જવા બોલાવેલા નથી, ફક્ત આ ભારો ચડાવવા બોલાવેલા છે.

ગમે તેવી વિટંબણામાં છતાં પણ મરવું એ શબ્દ સાંભ-ળતાં ત્રાસ છુટે છે. સો વરસનું આયુષ્ય થયું હોય તેને પણ મર-વાનું કહેતાં પગ ધ્રુજે છે.

---

૧૦૫. વીસા રબારીનું રંડાપું.

એક વીસો કરીને રબારી હતો તે વહુને તેડવા જતો હતો. ત્યાં ગામના પાદરમાં તેના બાઇબંધ મળ્યા તેણે પૂછયું કે, વીસા કેનીકોર ચાલ્યો? વીસો કહે, વહુને તેડવા જાઉછું. પેલા કહે તારી વહુ તો આજ પાંચ દીવસ થયાં રાંડી, માટે હવે ન જવાય; ઘરે જઇને સ્નાન કર. પછી રોતો રોતો ઘરે ગયો.

વીસાનો સાદ સાંભળી તેની બેન બહાર આવીને રડવાનું કારણ પૂછયું તો કહે જે મારી વહુ રાંડી. તેની બેન કહે ન

એટે વહુ રાંડે નહીં. વીસો કહે તું પણ સમજતીજ નથી દેખાતી તારે હું બેઠાં આપણી મા કેમ રાંડી? ત્યારે વહુએ રાંડેજ તો.

દોહો

મૂરખ માથે શીંગડાં, નહીં નિશાની હોય;
સાર અસાર વિચાર નહીં, જન તે મૂરખ જોય.

---

૧૦૬. ગુણકા ને ભાંડ.

એક ગુણકા ગરાસણીનો વેશ ધારણ કરી સાથે બે ચાર નોકર અને એક દાસીને લઇ વેહેલમાં બેશી દ્વારકાંની જાત્રાએ જવા નીકળી. બે ત્રણ ભાંડ લોકો તેને ગરાસણી જાણી બ્રાહ્મણનો વેશ લઇ સાથે ચાલ્યા તેને ગરાસણીએ બ્રાહ્મણ જાણી પાકાં સીધાં શરૂ કર્યાં. કેટલેક દીવસે દ્વારકાં પોહોંચ્યાં. દ્વારકાં પરથી પાછા વળતી વખત પણ પેલા ભાંડ સાથે ચાલ્યા ને જૂદા પડે એમ ન જણાયું ત્યારે ગુણકાએ પોતાનું પોત પ્રકાસ્યું કે, હું ગરાસણી નથી પણ ગુણકા છું; તમને ઘણા દીવસ સીધું ખવરાવ્યું માટે હવે પધારો. પેલા કહે કાંઇ ફિકર નહીં બાઇ, અમે પણ જાતના ભાંડ છીએ બ્રાહ્મણ નથી; માટે ખુશીથી તમે તમારે રસ્તે જાઓ ને અમે અમારે રસ્તે જઇશું.

---

૧૦૭. ઠાકોર ને તેની દાશી.

એક ઠાકરડો જૂજ ગરાસીઓ અને માથે કરજનો બોજો એટલે ઘરમાં ઘણીજ ભીડ ભોગવતો હતો. વખતે દરબારમાં દાણાની પણ તાણ પડતી. એક વખત કસુંબો લઇ ઠાકોર ડેલીએ જતા હતા ત્યાં ઓરડાની ઓસરીમાં દાશી (વડારણ) ને સંજવારી

કાઢતાં રોટલાનો કડકો જડયો તે જોઇ ઠાકોર કહે, અશી લાખ્ય લાખ્ય હુંગો કરવા થશે, તું દરબારમાંથી બીજો રોટલો લેજે. ડોશી પણ બડી પહોંચેલી હતી તે બોલી કે, ઠાકોર જો દરબારમાં રોટલો હોય તો તમેજ મારી કને શાસારૂ માગો? આ સાંભળી ઠાકોર ચુપ થઇ ગયા, કાંઇ બોલ્યા નહીં.

---

૧૦૮. અંતરની ધાથી આંમલીનું સુકાવું.

દિલ્હીની ગાદી ઉપર કોઇ પાદશાહ લાંબી મુદત રાજ્ય ભોગવે નહીં, જુજ મુદતમાં ગુજરી જાય. અને રોમની ગાદી ઉપર પાદશાહ લાંબું આયુષ્ય ભોગવે. તેથી ચાર મસલતીઆ રોમમાં જઇ ત્યાંના પાદશાહને દિલ્હીના પાદશાહના અલ્પ આયુષ્યનું કારણ પૂછતાં પાદશાહે ચોથે દીવસે જવાબ દેવાનું કહ્યું. ચોથે દીવસે ચાર કોંસીલરની સલાહ લઇ એમ ઠરાવ્યું કે, આવેલા ચાર જણને એક કોટડીમાં પૂરી દેવાને તેને હુકમ કરવો કે, કોટડીની સામેની આમલી સુકાય ત્યારે બહાર કાઢવામાં આવશે અને જ્યારે છેક સુકાઇ જાય અને પાછી લીલી થાય તોજ છુટકો થશે. એમ કહી પૂરી દીધા, ને તેના ઉપર પહેરેગીર મુક્યા. તેને પેલા મસલતીઆ કહેવા લાગ્યા કે, અમારો વાંક ગુન્હો જોયા વગર અમને પરહેજ કરવાનું કારણ શું? માટે પાદશાહને અમારીવતી અરજ કરી અમારો અનુગ્રહ થવા કહો. પેલા કહે, અમને એવો હુકમ છે કે આ આમલી સુકાય ત્યારે તમને બહાર કાઢવા. આ સાંભળી પેલા ચારે જણના કાળજામાં મોટો ધાસકો પડ્યો અને ખાન પાણીનો ત્યાગ કરી ખુદાની બંદગી કરવા મંડ્યા કે, ખુદાતાલા અમારી અનાથની અરજ સાંભળી આ આમલી સુકાવી દેજે. એમ રોજ પોકાર કરે. એમ કરતાં આમલી સુકાઇ ગઇ ત્યારે

પેલા મસઅતીઆઓએ છુટકો થવા અરજ કરી ત્યારે પહેરેગીર બોલ્યા કે, પાદશાહનો એવો હુકમ છે કે તેજ આમલી પાછી લીલી થાય તોજ રજા મળશે. આથી પેલા વધારે ગભરાયા કે લીલું સુકાય પણ સુકું હવે કેમ લીલું થશે? હવે તો મોત આવ્યું ને આવું જુલમી રાજ્ય જગતમાં કોઇકજ હશે! વાંક ગુન્હો તપાસ્યા વિના દંડ દેનારને ઇશ્વર વિના કોઇ પૂછનાર નથી. હે પેદા કરંદા! તારો ખરો ભરૂસો છે, અમારા ઉપર ગુજરેલો જુલમ તું જાણે છે ને આ આમલી લીલી હતી તેને અમારી પ્રાર્થના સાંભળી તેં સુકાવી દીધી તે હવે લીલી કરનાર પણ તુંજ છે. એમ બંદગી કરતાં આમલી રોજરોજ લીલી થવા લાગી ને કેટલીક મુદતે પૂર્વ સ્થીતિમાં આવી ગઇ એટલે પહેરેગીરોએ પાદશાહને જાહેર કર્યું જેથી પાદશાહે તેને હજુરમાં બોલાવી આગતા સ્વાગતા કરી પાંચ દીવસ રાખી પહેરામણી કરી વિદાયગીરી વખત તેમને પાદશાહે કહ્યું કે, જુઓ ભાઇ તમો ચારજણ નીસાથી આંબલી સુકાઈ ગઇ ને તેજ આંબલી પાછી તમારા પોકારથી લીલી થઇ તો જે ઠેકાણે હજારો બલકે લાખો માણસની હા લાગે ત્યાંનો પાદશાહ લાંબું આયુષ્ય શી રીતે ભોગવે? માટે જો દિલ્હીના પાદશાહનું લાંબું આયુષ્ય ચહાતા હો તો જુલમ અને અન્યાયનો ઘટાડો થાય તેવા ઉપાય કરો. રૈયતને બેટાબેટી ગણો અને કોઇપણ જાતી કે ધર્મનો ભેદ ગણ્યા વગર સર્વ પ્રજા ઉપર સમ દ્રષ્ટીથી વરતો તો પાદશાહની ઉમ્મર ને રાજ્યની આબાદીમાં વૃદ્ધિ થશે.

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થનાર સદ્ગૃહસ્થોનાં નામ.

ચોટીલા.

૫૦ મે. છોટાલાલ ગીરધરલાલ થાણદાર સાહેબ.
૨૦ મે. બળવંતરાવ એકનાથ ચીફ કોન્સટેબલ સાહેબ.
૫ ખાચર ભોજ વાઘા.
૨ ખાચર દેશા મેરામ.
૧ ખાચર બાયા ચાંપરાજ.
૧ ખાચર રાણીંગ ચોમલા.
૨ ખાચર ભાણ જેઠા.
૭ ખાચર શાદુલ દાદા.
૩ ખાચર આલા જસા.
૨ ખાચર પીઠા ચેલા.
૨ ખાચર વાલેરા ઓઘડ.
૫ ધાધલ દેવાઇત રાણા.
૧ ધાધલ રાઠોડ વીજસુર.
૧ ધાધલ હરસુર નાગ.
૧ ધાધલ લાખા રામૈયા.
૧ રા. આત્મારામ દેવરામ અવલ કારકુન.
૧ રા. રૂગનાથજી મોતીચંદ બીજા કારકુન.
૧ રા. દામોદર પરસોતમ બીજા કારકુન.
૧ રા. પ્રાગજી મોનજી ફેરીસ્ત કારકુન.
૪ રા. જગજીવન મુળચંદ હોસ્પી. આસીસ્ટંટ.
૧ રા. જુસબ હાશમ ચીફ કો. સા. કારકુન.
૧ હવાલદાર સા. બાપુજી રામચંદ્ર.
૧ દફેદાર સા. લખમણદાસ વસંતરામ.
૧ નાયક ખુમાનસીંગ.
૧૫ રા. ઇશ્વરલાલ બેહેચર સ્કૂલ માસ્તર સાહેબ.
૧૦ રા. ભાઇચંદ જેઠા કન્યાશાળાના મહેતાજી.
૧ શા. ત્રીભોવન સંઘજી.

૧ શા બાઇચંદ વેલશી.
૧ શા હીરાચંદ જેઠા.
૧ શા. ગુલાબચંદ ધનજી.
૧ શા. લક્ષ્મીચંદ પીતાંબર.
૧ શા. સોમચંદ જીવણ.
૧ શા. દેવશંકર કુંવરજી.
૧ શા. રેખુ નાનજી.
૧ શા. દેવચંદ વલ્લભ.
૧ શા. જેઠા લાડકા.
૧ શા. ધર્મશી ગોરધન.
૧ શા. ઊજમશી રૂપચંદ.
૧ શાહ ગણેશ ખેતશી.
૧ કોઠારી ઝવેરચંદ હીરાચંદ.
૧ ભગત જીવણ માંચા.
૧ શા મોહનલાલ વાલજી.
૧ શા મોતીચંદ ડાહ્યા.
૧ પારેખ તારાચંદ વીરચંદ
૧ ઠક્કર હીરજી શામજી.
૧ ઠક્કર અલીભાઇ ધારશી.
૧ મેમણ હુસેન અભરામ.
૧ શા નાનજી ગગુ.
૧ ઠક્કર હીરા રતનશી.
૧ શા ચતુર બાવા.
૧ કોઠારી કશળચંદ તલકશી.
૧ સોની ટોકર લખુ.
૧ શા ગોવિંદજી તારાચંદ.
૧ શા ભીખાચંદ નથુ
૧ શા સુખલાલ મોતીચંદ.
૧ વોરા મુસાજી અબદુલજી.
૧ વોરા કમા કાશમજી.
૧ લોઢીયા તસોમા જુમા.

૧ વોરા પીરભાઈ જીવાજી.
૧ મેર ઠ લા[illegible]જી.
૧ મેરાઇ બેચર રામજી.
૧ સુતાર દેવજી રૂગનાથ.
૧ કામદાર લાધા રતનશી.
૧ જાડેજા ગગજી જાલમસીંહ.
૧ ઠક્કર કાળીદાસ ત્રીકમજી.
૧ ભગત છગનલાલ.
૧ મેમણ વલી જાનુ.
૧ ઠક્કર વેલશી કેશવજી.
૧ રા. ચત્રભુજ માવજી જમીદાર સાહેબ
૧ રા. લક્ષ્મીધર ગીરીજાધર જમીદાર સાહેબ.
૧ રા. જટાશંકર જમીદારના પટાવાળા.
૧ ધાધલ નાગજીવણ.
૧ શેઠ ભગવાનજી વેલશી.
૧ પારેખ મોહનલાલ રણછોડ.
૧ શા. નથુ જેઠા.
૧ કોઠારી હરજીવન હીરાચંદ.
૧ શા પોપટ લક્ષ્મીચંદ સ્કુલ આસી.
૧ શા. ખીમચંદ ચત્રભૂજ સદર.
૧ શા. મગનલાલ ખીમચંદ.
૧ વકીલ સવજી રાણા.
૧ સ્પે. આ. ડાહ્યાલાલ મલુશંકર.

જસદણ.

૧૦ મે. ભગવાનજી ભોળાનાથ દીવાન સાહેબ.
૩ રા. કશળચંદ બોધાન્યા સાહેબ.
૨ રા. નથુરામ નારણજી હજુર દફતરદાર સાહેબ.

આણંદપુર.

૧ ખાચર જેઠસુર માણસુર.
૧ કામદાર કરશનજી મુળજી.

કુંઢલી.

૧ ખાચર લાખા રામા.
૧ રાજગોર ભુરા ભગવાન.

રાજુલા.

૧ રાજગોર વીઠલ દામજી.

કુંડલા.

૧ રાજગોર ધુના લાધા.

ભડલી.

૧ રાજગર મહાદેવ સાંગા.

ડેડાણ.

૧૦ કોટીલા નાજાભાઈ રાણીંગ.

દડવા.

૧ વાળા મુળુમાત્રા.

મેવાસા.

૧ ખાચર હમીર મેરામ.
૧ ખાચર રાણીંગ દાદા.
૧ શા. ઝીણા તભકસી.
૧ કામદાર ગોકળ સંઘજી.
૧ કાશીરામ બાવલ પો. પટેલ.

સુખસર.

૧ ખાચર સાદુલ દેશા.
૧ શા. મોહન જલુ.
૧ શા. માણેકચંદ વાલજી.

ઢોકળવા.

૧ ખાચર નાનભાઇ કાથીઆ.
૧ કામદાર રણછોડજી જેચંદ.
૧ પ્રાણજીવન રાઘવજી પો પટેલ.

કાળાસર.

૧ શા. ચમનરામ દલપતરામ.
૧ વલ્લભરામ તુલસી.
૧ પટેલ નાજા દેવશી.

૧ રા. અબ્દુલરહેમાન સેખજમાલ પો.

ખેરડી.

૧ કોઠારી કાળા ડાહ્યા.
૧ શા. ગોવીંદજી વેલશી.

બામણબોર.

૧ ખાચર જસા સાતા.
૧ રા. અમીરમીયાં આલમમીયાં પો. પટેલ.

ઠારમ.

૧ રાજગોર આપા રામજી દ. ગુ. નિ. મેહતાજી.
૧ શા. રાયચંદ ભાઇચંદ.
૧ છગન મુળચંદ.

બીલખા.

૧ પટાવાળા ખેચર શીવરામ.

બેરાઇ બંદર.

૧ ઠક્કર દામોદર દેવરાજ બેરાઇ જીનના મેનેજર સાહેબ.
૧ ઠક્કર ધનજી વાલજી.
૧ વીપ્ર ગાંડા જુઠા.

વડોદરા.

૧ મે. હરગોવીંદદાસ દ્વારકાંદાસ વડોદરા કેળવણી ખાતાના અધ્યક્ષ સાહેબ.

ધંધુકા.

૧ પટવારી જસરાજભાઇ વલ્લભદાસ.

હીરાસર.

૧ શા. ધનજી લેરા.

અકાળા.

૧ સોની લક્ષ્મીચંદ લીલાધર.

થાનગઢ.

૧ રા. ઓધવડ ગોવીંદજી સ્કુલમાસ્તર.

ગઢડા.

૧ મે. પ્રાણજીવન રણછોડ તા. સ્કૂલમાસ્તર.

ભોઇકા.

૧૦ મે. ગોપાલજીભાઇ ડાહ્યાભાઇ થાણદાર સાહેબ.

લાખાપાદર.

૧૦ મે. માધવલાલ ગીરધરલાલ થાણદાર સાહેબ.

ધ્રાફા.

૨૫ મે. ઝવેરદાસ ખોડીદાસ ચીફકો. સાહેબ.

૮ છગનલાલ પ્રાણલાલ અવલ કારકુન.

વીસાવડી.

૧ પારેખ છોટાલાલ વીઠલદાસ પો. પટેલ.

વડગામ.

૧ રા. રા. નાગરદાસ બાવલ પો. પ.

૧ રાવળ વિશ્વનાથ વીરજી.

૧ ત્રવાડી નથુરામ નારણજી.

કુવાડવા.

૧ રા. દેવજી ભિકાભાઇ મકવાણા.

૧ બાવાજી રાજ લાઇબ્રેરી.

સાંગાણી.

૧ રા. ભાઇશંકર મોરારજી પો. પટેલ.

રાજાવાડ.

૧ રા. જેચંદ છગનલાલ પો. પટેલ.

મોલડી.

૧ રા. મહાશંકર મયાશંકર પો. પટેલ.

પાળીયાદ.

૧ આજમ વશરામ પીતાંબર થાણદાર સાહેબ.

૧ મહારાજ ઉનડજી લક્ષ્મણજી.

વઢવાણ સીટી.

૧ મે. લાધાભાઇ માવજી સીરસ્તેદાર સાહેબ.

૧ વકીલ મુળચંદ ચતુર.

૧ વકીલ દામોદરદાસ ભગવાનદાસ.

રાજકોટ.

૧ મે. જગજીવન બાવા ઓઝા જ્યુ. કોર્ટ રાઇટર સા

જાહેર ખબર.

આ દ્રષ્ટાંતમાળા નીચે સહી કરનાર પાસેથી અથવા સૂર્યોદય પ્રિન્ટીંગ પ્રેસના મેનેજર રા. રા. રસીકલાલ છોટાલાલભાઈને અમદાવાદ ખાડીઆમાં લખવાથી મળશે. બહાર ગામથી મંગાવનારને ટપાલ ખર્ચ જુદું પડશે.

નીચેનાં પુસ્તકોના ગ્રાહક થવાની મરજી હોય તેમણે નામ નોંધાવવા કૃપા કરવી. દરેકનું ટપાલ ખર્ચ જુદું આપવું પડશે.

કાઠિઆવાડી દુહા સંગ્રહ—જેની અંદર જુના પ્રસિદ્ધ દુહા, સાખી, સોરઠા, તથા હલામણ જેઠવો, નાગમદે, [illegible], હોથલ, રાણકદેવી, આણંદ, પ્રમાણંદ સોરઠીઆ, [illegible] વિગેરેના દુહા દાખલ કરેલા છે. તેઓના કેટલાકના નમુના આ પુસ્તકને મથાળે આપ્યા છે. કીમત રૂ ૦—૬—૦.

કાઠિઆવાડી શબ્દાર્થ સંગ્રહ—જેની અંદર ખાસ કાઠિઆવાડી શબ્દ તથા ગામડાંનાં ને મેણાંનાં વાક્ય સહીત. કી. રૂ ૦—૮—૦.

ભજનાવળી—એમાં જુદા જુદા કવિઓનાં ભજન, કિરતન, પદ, ગરબીઓ, ગરબા, પ્રભાતીઆં વિગેરે દાખલ કરેલ છે. કી. રૂ ૦—૪—૦.

કાઠિયાવાડની ભૂગોળ—તથા બીજા ધોરણના વિદ્યાર્થીઓ અને માસ્તર સાહેબોને ઉપયોગી. કીમત રૂ ૦—૨—૦.

પંચનાથ સ્તુતિ વર્ણન—એમાં ચોટીલામાં પંચનાથ મહાદેવ છે તે નિમિત શિવસ્તુતી તથા જગા વિગેરેનું વર્ણન છે. કી. રૂ ૦—૩—૦.

ઓઠાં સંગ્રહ કીમત રૂ ૦—૨—૦.

રાજગોર કેશવજી જેરામ મંદીર.

ચોટીલા—કાઠીયાવાડ.